

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 307
Dt.: 12-09-2025,
Friday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


યુક્રેન યુદ્ધ પૂરું કરાવવું હોય તો

## યુરોપીયન યુનિયને ભારત-ચીન પર ૧૦૦% ટેરિફ લાગુ કરવી જોઈએઃ ટ્રમ્પ

### ભારત-યુએસ વચ્ચે દ્વિપક્ષી કરારની સંભાવના વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એક વાર સારા મિત્ર ગણાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૧

યુક્રેન-રશિયાનું યુદ્ધ ઝડપથી પૂરું કરવા માટે સહિયારા પ્રયાસો હાથ ધરવાની હાકલ કરતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપીયન યુનિયનને ભારત તથા ચીન પર ૧૦૦ ટકા સુધીની ટેરિફ ઝીંકવા સૂચના આપી છે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી રહેલા આ બંને દેશ પર ટેરિફ વધારવાથી દબાણ વધશે અને રશિયાની આર્થિક તાકાત ઘટશે તો યુદ્ધ ઝડપથી પૂરું થશે, તેમ સમજાવવા ટ્રમ્પે પ્રયાસ કર્યો છે.ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીએ ભારત-યુએસના સંબંધો હકારાત્મક દિશામાં આગળ વધવાના સંકેત આપી ટ્રેડ ડીલ સફળ રહેવાની આશા વ્યક્ત કરી તેના થોડા સમયમાં જ ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં આ અહેવાલ પ્રકાશિત થયો છે.ટેરિફ મામલે તણાવ વચ્ચે મોદી અને ટ્રમ્પ વચ્ચે સોશિયલ મીડિયા પર વાત થઈ હતી અને બંને દેશ વચ્ચેના તણાવ ઘટાડવાની તૈયારી વ્યક્ત કરાઈ હતી. જો કે ટ્રમ્પે ફરી એક વાર પલટી મારી ભારત સાથે ચીનની પણ ચિંતા વધારી છે. વોશિંગ્ટન ખાતે યુએસ અને યુરોપીયન યુનિયનના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં યુદ્ધ પૂરું કરવા માટે રશિયા પર દબાણ વધારવાના વિકલ્પો અંગે ચર્ચા થઈ હતી. ટ્રમ્પે આ બેઠકમાં ખાતરી આપી હતી કે, યુરોપીયન યુનિયન દ્વારા જેટલી ટેરિફ લાગુ કરાશે, તેટલી જ ટેરિફ અમેરિકા દ્વારા ભારત-ચીન પર લાગુ કરાશે. ભારત-યુએસ વચ્ચે દ્વિપક્ષી કરારની સંભાવના વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એક વાર સારા મિત્ર ગણાવ્યા છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યુ હતું કે, ભારત અને યુએસ દ્વારા બંને દેશ વચ્ચેની વ્યાપારિક અડચણો દૂર કરવા વાટાઘાટો ચાલી રહી છે. આગામી સપ્તાહોમાં 'મારા સારા મિત્ર' નરેન્દ્ર મોદી સાથે વાત કરવા ઉત્સુક છું. ટ્રમ્પની આ પોસ્ટના જવાબમાં વડાપ્રધાન મોદીએ એક્સ પોસ્ટમાં કહ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ સાથે વાટાઘાટો કરવાહું પણ આતુર છું. અમે બંને સાથે મળી ભારત-યુએસના નાગરિકોના ઉજ્જવળ અને વધુ સમૃદ્ધ ભવિષ્ય માટે કામ કરવા તૈયાર છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે ફોન પર વાત કરી હતી.

વાતચીત દરમિયાન તેમણે દોહામાં થયેલા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલે મંગળવારે કતારની રાજધાની દોહામાં હુમલો કર્યો હતો.પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે, 'કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાનીની સાથે વાતચીત કરી અને દોહામાં થયેલા હુમલાને લઈને ચિંતા વ્યક્ત કરી. ભારત વાતચીત અને કૂટનીતિના માધ્યમથી મુદ્દાઓનો ઉકેલ લાવવાનું સમર્થન કરે છે અને વધી રહેલા તણાવને રોકી શકીએ.'

હોસ્પિટલની બેદરકારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદી પર રહે છે

## દર્દીની દરેક મેડિકલ જટિલતાને તબીબી બેદરકારી ના ગણી શકાયઃ કન્ઝ્યુમર કોર્ટ

### ફરિયાદમાં દાવો કરાયો હતો કે ૨૩ માર્ચ, ૨૦૧૬એ અકસ્માત થયા પછી દર્દી સિદ્ધાર્થ જૈન હોસ્પિટલમાં ગયા હતાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ્સ સામેની ફરિયાદને ફગાવી દઈને દિલ્હીની કન્ઝ્યુમર કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતુ કે દર્દીમાં ઊભી થયેલી દરેક મેડિકલ જટિલતા માટે તબીબી બેદરકારીને જવાબદાર ગણી શકાય નહીં. દર્દીમાં તબીબી બેદરકારીને કારણે જટિલતા ઊભી થઈ છે, તેવું નિષ્કર્ષ કાઢવા માટે પૂરતા પ્રમાણમાં તથ્થો અને તબીબી પુરાવા રજૂ કરવા જરૂરી છે. બેદરકારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદી પર રહે છે અને આ કેસમાં કોઈ નિષ્ણાત અભિપ્રાય રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી.દિલ્હી રાજ્ય ગ્રાહક ફરિયાદ નિવારણ પંચે ૪ સપ્ટેમ્બરે આ ચુકાદો આપ્યો હતો. ફરિયાદમાં દાવો કરાયો હતો કે ૨૩ માર્ચ, ૨૦૧૬એ અકસ્માત થયા પછી દર્દી સિદ્ધાર્થ જૈન હોસ્પિટલમાં ગયા હતાં, જ્યાં સમય બગાડવામાં આવ્યો હતો અને ગોલ્ડન અવરમાં તેમને કોઈ પ્રાથમિક સારવાર અપાઈ ન હતી. કમિશને મેડિકલ ડોક્યુમેન્ટ્સની નોંધ લીધી હતી. તેમાં જણાવાયું હતું કે દર્દીને યોગ્ય સારવાર અપાઈ હતી અને ઘૂંટણની ઈજા માટે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં રિફર કરાયો હતો. આ પછી દર્દીએ વધુ મેડિકલ તપાસ માટે સહકાર આપ્યો ન હતો અને તબીબી સલાહ વિરુદ્ધ રજાની વિનંતી કરી હતી. ડિસ્ચાર્જ શીટમાં પણ દર્દીને સંભવિત જોખમો અને પરિણામો અંગે યોગ્ય માહિતી અપાઈ હતી.કમિશને જણાવ્યું હતું કે સવારે ૫:૩૦ વાગ્યે નીકળ્યા પછી દર્દી સવારે ૫:૪૬ વાગ્યે ફરીથી દાખલ થયા હતાં. આ પછી પ્લાસ્ટિક સર્જરી ટીમે તેમને બે તબક્કાની સર્જરીની સલાહ આપી હતી કેટલાક ટેસ્ટ્સ કર્યા હતાં તથા એનેસ્થેસિયા પહેલાની તપાસ અને ઓપરેશન થિયેટર પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપી હતી. કમિશને રેકોર્ડની નોંધ લેતા જણાવ્યું હતું કે જૈને સલાહનું પાલન કર્યું ન હતું અને તેના બદલે તે જ દિવસે સાંજે ૫:૨૬ વાગ્યે તબીબી સલાહ વિરુદ્ધ રજા લીધી હતી.કમિશને જણાવ્યું હતું કે અમારા મતે ફરિયાદીનું ઉપરોક્ત વર્તન બેદરકારી સમાન છે, કારણ કે તેને સારવાર કરી રહેલા ડોકટરોની સલાહનું પાલન કર્યુ ન હતું. તેથી તે નિશ્ચિતપણે કહી શકાય નહીં કે ફરિયાદીને જે જટિલતા સહન કરવી પડી છે તે તેની પોતાની બેદરકારીનું પરિણામ છે કે હોસ્પિટલની બેદરકારીનું પરિણામ છે. જૈને કોઈ પણ પ્રકારના પુરાવા વગર અસ્પષ્ટ શબ્દોમાં બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.

### આતંકવાદને પોષતા દેશની શીખામણની જરૂર નથીઃ ભારત

જીનીવા, તા.૧૧

સંયુક્ત રાષ્ટ્રસંઘની માનવાધિકાર કાઉન્સિલમાં પાકિસ્તાનની ઝાટકણી કાઢતાં ભારતે જણાવ્યું હતું કે વૈશ્વિક સુરક્ષા માટે જોખમી નેટવર્કને નાણાં અને આશ્રયસ્થાન આપતાં ટેરર સ્પોન્સર દેશે ભારતને શિખામણ આપવાની કોઇ જરૂર નથી.જીનીવામાં ભારતના કાયમી મિશનના કાઉન્સેલર ક્ષિતિજ ત્યાગીએ જણાવ્યું હતું કે અમારે આતંકવાદના પ્રાયોજક પાસેથી કોઈ પાઠ શીખવાની જરૂર નથી. માનવાધિકાર કાઉન્સિલની ડિબેટમાં પાકિસ્તાને ભારત વિરુદ્ધ ટિપ્પણી કર્યા પછી ત્યાગીએ સણસણતો જવાબ આપ્યો હતો. પહેલગામના હત્યાકાંડને યાદ કરતા ત્યાગીએ જણાવ્યું હતું કે, આપણે ૯/૧૧ના હુમલાને ભૂલવો ન જોઇએ, કારણ કે આવતીકાલે તેની વરસી છે. પાકિસ્તાનને આ હુમલાના માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેનને આશ્રય આપ્યો હતો.

૩ રાજ્યોમાંથી ૫ ISIS આતંકવાદીઓની ધરપકડ

## ત્રાસવાદીઓનું ભારતમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનું કાવતરુ નિષ્ફળ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

એક મોટા આંતકી ષડયંત્રને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે નિષ્ફળ બનાવી દીધો છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અને કેન્દ્રીય એજન્સીઓએ મળીને ૩ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. તેમણે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો છે. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા ઓપરેશન દરમિયાન, ૫ ISIS આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી, જેમાંથી બે આતંકવાદીઓ દિલ્હીથી અને એક આતંકવાદી રાંચીથી ધરપકડ કરવામાં આવી. આતંકવાદીઓ પાસેથી હથિયારો અને બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી છે.

દિલ્હીથી ધરપકડ કરાયેલા આતંકવાદીઓની ઓળખ આફતાબ અને સુફિયાન તરીકે થઈ છે, જે મુંબઈના રહેવાસી છે. રાંચીથી ધરપકડ કરાયેલા આતંકવાદીની ઓળખ દાનિશ તરીકે થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ત્રણ આતંકવાદીઓ મોટા હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા.

દિલ્હીના સ્પેશિયલ સેલે સેન્ટ્રલ એજન્સી સાથે મળીને દિલ્હી, મુંબઈ અને ઝારખંડ સહિત આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ત્રણ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા.

આ દરમિયાન તેમણે દિલ્હીથી બે અને રાંચીથી એક આતંકવાદીની ધરપકડ કરી હતી.

ઝારખંડ એટીએસ અને રાંચીની સ્થાનિક પોલીસની મદદથી, ઈસ્લામ નગરની એક લોજ પર દરોડો પાડવામાં આવ્યો, જ્યાં અશહર ઉર્ફે દાનિશ એક વિદ્યાર્થી તરીકે છુપાઈને રહેતો હતો. તેની ધરપકડ બાદ, પૂછપરછમાં એ વાતનો ખુલાસો થયો કે તે કેમિકલ હથિયારો બનાવવામાં નિષ્ણાત છે. દાનિશ અને આફતાબની પૂછપરછને આધારે, અન્ય ત્રણ આતંકવાદીઓ પણ પકડાઈ ગયા. દરોડામાં દિલ્હીથી પકડાયેલા આતંકવાદી અફતાન અને સુફિયાન પાસેથી શસ્ત્રો અને IED બનાવવાની સામગ્રી મળી આવી હતી. તે જ સમયે, પોલીસે રાંચીથી પકડાયેલા દાનિશના ઠેકાણામાંથી રાસાયણિક IED બનાવવાની સામગ્રી મળી આવી હતી. આ ઉપરાંત, એક દેશી બનાવટની પિસ્તોલ અને એક જીવંત કારતૂસ પણ મળી આવ્યું હતું. માહિતી અનુસાર, આ આતંકવાદીઓ દિલ્હી સહિત દેશના વિવિધ સ્થળોએ આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા.

માહિતી અનુસાર, ધરપકડ કરાયેલા પાંચેય આતંકવાદીઓ ISISના સ્લીપર સેલ હતા. આ આતંકવાદીઓનું મુખ્ય કાર્ય ISISમાં નવા આતંકવાદીઓની ભરતી કરવાનું પણ હતું. સ્પેશિયલ સેલ રેકી કરીને ISISમાં અત્યાર સુધી કેટલા આતંકવાદીઓની ભરતી કરવામાં આવી છે અને આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ક્યાં ઘડવામાં આવી રહ્યું છે તે શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોલીસે કેટલાક વધુ શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરી છે અને તેમની સઘન પૂછપરછ કરી રહી છે.

હાલ ઈન્ટેલીજન્સ એજન્સીઓ પાંચેય આતંકવાદીઓની પૂછપરછ કરીને એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેઓ કઈ કઈ જગ્યાએ હુમલાની યોજના બનાવી રહ્યા હતા અને કયા સ્થળોએ બોમ્બ પ્લાન્ટ કરવાનું આયોજન હતું. આ સાથે તેમના અન્ય સાથીઓ ક્યાં છે અને કોના આદેશ પર તેઓ ભારતમાં આવીને આ ષડયંત્ર રચી રહ્યા હતા, તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

## રાષ્ટ્રપતિએ ૧૯૭૦થી અત્યાર સુધીમાં ૯૦ ટકા બિલનો એક મહિનામાં નિકાલ કર્યોઃ કેન્દ્ર સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવાનવી દિલ્હી,

કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, ૧૯૭૦ના વર્ષથી અત્યાર સુધીમાં રાજ્ય વિધાનસભાએ મંજૂર કરેલા બિલમાંથી ૯૦ ટકા બિલ પર રાજયપાલ દ્વારા માત્ર એક મહિનામાં નિર્ણય લેવાયો છે. ૧૭,૧૫૦ બિલમાંથી માત્ર ૨૦ જ કિસ્સામાં રાજ્યપાલે બિલ અટકાવ્યા છે. ધારાસભાએ પસાર કરેલા બિલને મંજૂરી બાબતે રાજયપાલ અને રાષ્ટ્રપતિ પર સમયમર્યાદા લાગુ કરવા અંગેના કેસની સુનાવણી ચીફ જસ્ટિસ બી આર ગવાઈની અધ્યક્ષતામાં પાંચ જજની બેન્ચ દ્વારા હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કરેલી રજૂઆતનો અરજદારના સિનિયર એડવોકેટ્સ કપિલ સિબલ અને અભિષેક સિંઘવી દ્વારા વિરોધ કરાયો હતો. તેમણે દલીલ કરી હતી કે, અરજદારોને આ પ્રકારનો ડેટા રજૂ કરતા અટકાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે આ દલીલ ગ્રાહ્ય રાખતાં નોંધ્યુ હતું કે, અરજદારોને ડેટા રજૂ કરતા રોકવામાં આવ્યા હતા ત્યારે સરકાર આવા ડેટા રજૂ કરે તે યોગ્ય નથી. અરજદારો ડેટા રજૂ કરવા માગતા હતા ત્યારે સરકારે વાંધો ઊઠાવ્યો હતો. તેથી સુપ્રીમ કોર્ટ માત્ર બંધારણીય પાસાને જ ધ્યાને રાખીને સુનાવણી હાથ ધરાશે. નેપાળમાં ચાલી રહેલા હિંસક વિરોધ સંદર્ભે ચીફ જસ્ટિસ બી.આર. ગવાઈએ અને જસ્ટિસ વિક્રમ નાથે કહ્યું હતું કે, પડોશી રાષ્ટ્રોમાં શું બની રહ્યું છે તે જુઓ, અમને બંધારણ પર ગર્વ છે. ગવાઈએ નેપાળમાં ભ્રષ્ટાચારના વિરોધમાં ઉગ્ર દેખાવો અને હિંસાની વાત કરી હતી.

જસ્ટિસ વિક્રમ નાથે બાંગ્લાદેશનું ઉદારણ આપી કહ્યું હતું કે, હિંસાના પગલે વડાપ્રધાનને દેશ છોડવાની ફરજ પડી હતી. બે પડોશી રાષ્ટ્રોમાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા છે અને હિંસક બન્યા છે.

દિનેશસિંહે રાહુલ ગાંધીનો કાફલો રોકવાનો પ્રયાસ કર્યો

## વોટચોરીના વિરોધ પછી પણ ચૂંટણી પંચ તાનાશાહી કરી રહ્યું છે : રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી બે દિવસની રાયબરેલીની યાત્રાએ પહોંચ્યા છે. લોકસભા ચૂંટણી જીત્યા પછી રાહુલ ગાંધીની રાયબરેલીની આ છઠ્ઠી યાત્રા છે. અહીં એક સંમેલનને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું કે, પહેલા લોકો કહેતા હતા કે દાળમાં કઈક કાળું છે, પરંતુ કોઈની પાસે પુરાવા ન હતા. હવે પુરાવા છે. વોટચોરી થઈ રહી છે, તેને રોકવી પડશે. વિરોધ પછી પણ ચૂંટણી પંચ તાનાશાહી કરી રહ્યું છે. રાયબરેલીમાં રાહુલ ગાંધીએ એક સંમેલનને સંબોધિત કરતી વખતે ભાજપ અને આરએસએસ પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતા. લોકસભામાં



વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, દેશમાં ૯૦ ટકા વસ્તી ઓબીસી, દલિત અને આદિવાસીઓની છે, પરંતુ આ ભાજપ-આરએસએસના લોકો નથી ઈચ્છતા કે આ સમુદાયો ક્યારેય આગળ વધે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન ખુદ ઓબીસી છે, પરંતુ જાતિ આધારીત વસ્તી ગણતરી પર કશુંય બોલતા નથી. મેં સંસદમાં તેના પર પ્રશ્ન કર્યો તો વડાપ્રધાન દોઢ કલાક સુધી ભાષણ આપતા રહ્યા, પરંતુ જાતિ આધારીત વસ્તી ગણતરી પર એક શબ્દ પણ બોલ્યા નહીં.આ પહેલા દિલ્હી એરપોર્ટથી ફ્લાઈટ લઈને લખનઉ પહોંચ્યા અને ત્યાંથી રોડ માર્ગે રાયબરેલી પહોંચ્યા. રસ્તામાં રાહુલ ગાંધીના કાફલાને વિરોધનો સામનો કરવો પડ્યો.

વડાપ્રધાન મોદીના માતાને અપશબ્દોના મામલાને લઈને યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપ સિંહ પોતાના સમર્થકોની સાથે રાહુલ ગાંધીના કાફલાના રસ્તામાં આવીને બેસી ગયા, અને 'રાહુલ પરત જાઓ'ના નારા પણ લગાવ્યા હતા. વિરોધ પ્રદર્શનને પગલે રાહુલ ગાંધીના કાફલાને લગભગ એક કિલોમીટર પહેલા જ રોકી દેવામાં આવ્યો હતો.




# તંત્રી લેખ.....

## અમેરિકાના ટેરિફની ભારત પર કોઈ અસર નહીં!

દેશની અનુકૂળ નાણાકીય સ્થિતિ અને મજબૂત સ્થાનિક માંગના આધારે રેટિંગ એજન્સી ફિચે ભારતનો વિકાસ દર ૬.૯ ટકા સુધી વધારી દીધો છે. અગાઉ આ વિકાસ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ હતો. પહેલા ત્રિમાસિક ગાળા પછીના પરિવર્તનના આ આંકડા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સપ્ટેમ્બરના ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક (GEO)માં રેટિંગ એજન્સી ફિચ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના માર્ચ અને જૂન ક્વાર્ટર વચ્ચે આર્થિક પ્રવૃત્તિમાં તીવ્ર વધારો થયો છે, અને વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) વૃદ્ધિ જાન્યુઆરી-માર્ચમાં ૭.૪ ટકાથી વધીને વાર્ષિક ધોરણે ૭.૮ ટકા થઈ છે. આ જૂન GEOમાં ૬.૭ ટકાના અનુમાન કરતા ઘણું વધારે છે. એપ્રિલ-જૂન પરિણામોના આધારે રેટિંગ એજન્સી ફિચે માર્ચ ૨૦૨૬ (નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬)માં પૂરા થતા નાણાકીય વર્ષ માટે જૂન GEOમાં ૬.૫ ટકાથી સુધારીને ૬.૯ ટકા કર્યો છે. એપ્રિલ-જૂન પરિણામોના આધારે રેટિંગ એજન્સી ફિચ અનુસાર, સ્થાનિક માંગ વૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે, કારણ કે મજબૂત વાસ્તવિક આવક ગ્રાહક ખર્ચમાં વધારો કરી રહી છે અને નબળી નાણાકીય સ્થિતિ રોકાણ દ્વારા ભરપાઈ કરવામાં આવશે. નાણાકીય વર્ષના બીજા ભાગમાં વાર્ષિક વૃદ્ધિ ધીમી પડી શકે છે. તેથી, આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં વૃદ્ધિ દર ઘટીને ૬.૩ ટકા થવાની ધારણા છે. અર્થતંત્ર તેની ક્ષમતા કરતા થોડું ઉપર ચાલી રહ્યું છે, તેથી નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮માં વૃદ્ધિ દર ઘટીને ૬.૨ ટકા થવાની સંભાવના છે. રેટિંગ એજન્સી ફિચે અનુસાર, જુલાઈ મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા અને PMI સર્વે પણ દેશની મજબૂત અર્થવ્યવસ્થાનો સંકેત આપી રહ્યા છે. આ ઉપરાંત GST સુધારાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન ગ્રાહક ખર્ચમાં વધારો થવાની ધારણા છે.

### ભારત સરકારની એડવાઈઝરી, રશિયાને કરી અપીલ

# રશિયાના સૈન્યની ભરતીના જાળમાં ન ફસાતા : ભારત

## વિદેશ મંત્રાલયે ટ્વિટ મારફત જણાવ્યું હતું કે, એવી કોઈ પણ ઓફરનો સ્વીકાર ન કરો, કારણકે, આ માર્ગ અત્યંત જોખમભર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

વિદેશ મંત્રાલય દ્વારા રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાની સેનામાં ભરતીની જાહેરાતો પર સર્તક રહેવા અપીલ કરવામાં આવી છે. સરકારે આ મામલે ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરતાં સૂચન કર્યુ છે કે, તેઓ રશિયન સેનામાં ભરતની જાળમાં ફસાશો નહીં.

વિદેશ મંત્રાલયે ટ્વિટ મારફત જણાવ્યું હતું કે, એવી કોઈ પણ ઓફરનો સ્વીકાર ન કરો, કારણકે, આ માર્ગ અત્યંત જોખમભર્યો છે. રશિયન સેનામાં ભરતી કરી ભારતીયોને યુક્રેન સામે યુદ્ધ લડવા મોકલી રહ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. આ અંગે સ્પષ્ટતા કરીએ છીએ કે, આવી કોઈપણ ઓફરનો સ્વીકાર કરશો નહીં. તેમજ રશિયાને પણ અપીલ કરી છે કે, તેઓ ભારતીયોને પરત મોકલે, જે કોઈપણ પ્રકારની લાલચમાં આવી તેમની સેનામાં સામેલ થયા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે રશિયન સેનામાં ભારતીયોની ભરતી સંબંધિત મીડિયાના સવાલોનો જવાબ આપતાં કહ્યું હતું કે, ભારતીય નાગરિકો આ પ્રકારના કોઈપણ પ્રસ્તાવથી દૂર રહે, કારણકે તેમાં અત્યંત જોખમ છે.

અમને હાલમાં જ રશિયન સેનામાં ભારતીય નાગરિકોની ભરતીની જાણ થઈ છે.

સરકારે છેલ્લા એક વર્ષમાં અનેક વખત આ પ્રકારની કાર્યવાહીમાં અત્યંત જોખમ વિશે જાણકારી આપી લોકોને સર્તક કર્યા છે કે, તેઓ આનાથી દૂર રહે.

જયસ્વાલે આગળ જણાવ્યું હતું કે, અમે દિલ્હી અને મોસ્કો બંનેમાં રશિયન અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. અમે રશિયાને અપીલ કરી છે કે, તેઓ આ પ્રકારની ગતિવિધિ બંધ કરે, અમારા નાગરિકોને પરત મોકલે. અમે પ્રભાવિત ભારતીય નાગરિકોના પરિવાર સાથે સંપર્કમાં છીએ. અમે ફરી એકવાર તમામ ભારતીય નાગરિકોને આગ્રહ કરીએ છીએ કે, તે રશિયન સેનામાં સામેલ થવાની કોઈપણ ઓફરનો સ્વીકાર કરે નહીં. આ અત્યંત જોખમી માર્ગ છે. અમે ફરી એકવાર તમામ ભારતીય નાગરિકોને રશિયન સેનામાં ભરતી થવાના કોઈપણ પ્રસ્તાવથી દૂર રહેવા આગ્રહ કરીએ છીએ.

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયન અધિકારીઓ યુક્રેન સામે લડવા માટે વિવિધ દેશોમાંથી યુવાનોની સેનામાં ભરતી કરી રહ્યા છે. રશિયાની સેનામાં સામેલ થનારા ભારતીયોના પરિવારોએ જણાવ્યું હતું કે, સેનામાં ભરતી થયા બાદ તેમને પરત ફરવાનો કોઈ વિકલ્પ નથી.

### રાજસ્થાન અને દિલ્હીમાં હળવો વરસાદ પડી શકે

# ઘણા રાજ્યોમાં ૧૫ અને ૧૬ના રોજ ભારે વરસાદની ચેતવણી

## મેઘાલય, મણિપુર, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને નાગાલેન્ડમાં ઘણી જગ્યાએ ગાજવીજ સાથે ભારે વરસાદ પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

આ ચોમાસાની ઋતુમાં દેશભરમાં ઘણો સારો વરસાદ વરસ્યો છે. ચોમાસાની એન્ટ્રી પછી છેલ્લા બે મહિનામાં દેશભરમાં ચોમાસાએ ભારે વરસાદ વરસાવ્યો છે. ઘણા રાજ્યોમાં ભારે વરસાદને કારણે નદીઓ, તળાવો અને ડેમો સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. જોકે, ચોમાસાની અસર હજુ પૂરી થઈ નથી અને ઘણા રાજ્યોમાં હજુ પણ સમયાંતરે વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ચોમાસાને કારણે દેશના ઘણા રાજ્યોમાં ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

ઉત્તર પશ્ચિમ ભારતમાં ચોમાસાએ પલટો લીધો છે. આવી સ્થિતિમાં, હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે કે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ રાજસ્થાન અને દિલ્હીમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને હરિયાણામાં ઘણી જગ્યાએ ઝરમર વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સમય દરમિયાન, ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગના એલર્ટ મુજબ, ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસુ ખૂબ જ ઝડપથી જોવા મળશે. આને કારણે, મેઘાલય, મણિપુર, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને નાગાલેન્ડમાં ઘણી જગ્યાએ ગાજવીજ સાથે ભારે વરસાદ પડશે. આ સમય દરમિયાન, ઘણી જગ્યાએ ઝરમર વરસાદની પણ ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૫ દિવસ સુધી મહારાષ્ટ્ર, ગોવા અને કોંકણમાં ઘણી જગ્યાએ ભારે પવન સાથે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સમય દરમિયાન વાવાઝોડા અને વીજળીના કડાકાની પણ આગાહી છે. હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે કે દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં ચોમાસાની અસર યથાવત રહેશે. આ કારણે, ૧૬ સપ્ટેમ્બર દરમિયાન તમિલનાડુ, કેરળ, કર્ણાટક, યાનમ, તેલંગાણા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાયલસીમા અને લક્ષદ્વીપમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ પડશે. આ સમય દરમિયાન, ઘણા જિલ્લાઓમાં ઝરમર વરસાદ પડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજથી આગામી ૭ દિવસ સુધી પૂર્વી અને મધ્ય ભારતમાં ચોમાસાની ગતિ વધુ રહેશે. આવી સ્થિતિમાં ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, સિક્કિમ અને વિદર્ભના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને ઘણા વિસ્તારોમાં હળવો, મધ્યમ વરસાદ થવાની ચેતવણી આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ભારે પવન અને વાવાઝોડાની પણ શક્યતા છે.

# નેપાળમાં અજંપાના કારણે ભારતીય સરહદો પર હાઈ એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત-નેપાળ સરહદ પર સશસ્ત્ર સીમા દળે(SSB) મોટી કાર્યવાહી કરતાં નેપાળની જેલોમાંથી ભાગી ગયેલા ૩૫ કેદીઓને પકડી પાડવામાં આવ્યા છે. આ કેદીઓ નેપાળમાં હાલમાં અશાંતિ અને હિંસા દરમિયાન વિવિધ જેલમાંથી ભાગી ગયા હતા.

SSB એ ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં આ ફરાર કેદીઓને સરહદ પાર કરવાની કોશિશ કરતાં પકડાયા હતા. અધિકારીઓનું કહેવું છે કે, સીમા પર હાઈએલર્ટ આપવામાં આવી છે અને પકડાયેલા કેદીઓની સંખ્યા હજુ વધી શકે છે. નેપાળમાં બગડેલી પરિસ્થિતિ વચ્ચે ભારતે તેની સરહદ વધુ મજબૂત કરી લીધી છે, જેથી કરીને કોઈ આરોપી ભારતીય સીમામાં પ્રવેશી ન થઈ શકે. નેપાળમાં તાજેતરના 'Gen Z'ના હિંસક વિરોધ પ્રદર્શનોના કારણે પરિસ્થિતિ ગંભીર બની છે. આ વિરોધ પ્રદર્શનો વચ્ચે નેપાળના ૭૭ જિલ્લાઓની જેલોમાંથી હજારો કેદીઓ ભાગી ગયા છે. નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ રાજીનામું આપવું પડ્યું, જેના પછી ત્યાંની કાયદા-વ્યવસ્થાની સ્થિતિ અત્યંત બગડી ગઈ છે. નેપાળ આર્મીને જેલોની આસપાસ તહેનાત કરી દેવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. આ દરમિયાન ભારત દ્વારા SSBએ પોતાની જવાબદારી સંતોષકારક રીતે નીભાવીને ભાગી ગયેલા કેદીઓને ભારતમાં ધૂસે તે પહેલા જ પકડી પાડ્યા છે. SSB એ ઉત્તર પ્રદેશમાં ૨૨, બિહારમાં ૧૦ અને પશ્ચિમ બંગાળમાં ત્રણ કેદીઓને પકડ્યા હતા. આ બધા કેદીઓ કોઈ પણ દસ્તાવેજો વિના ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જીજીમ્ એ સરહદ પર સતર્કતા વધારી દીધી અને આવતા-જતાં દરેક વ્યક્તિની કડક તપાસ શરુ કરી દીધી છે. ગુપ્ત માહિતી અને પેટ્રોલિંગ વધુ તીવ્ર કરવામાં આવી છે, જેથી કોઈ ભાગી ગયેલો કેદી ભારતીય સરહદમાં પ્રવેશી ન શકે. બુધવારે, ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં વધુ પાંચ કેદીઓ પકડાયા હતા, જેઓ નેપાળથી ભાગીને ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પકડાયેલા તમામ કેદીઓને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા છે, જ્યાં તેમની ઓળખ અને ગુનાઓની તપાસ કરવામાં આવી રહી છે.

### RBI લાવી રહી છે નવો નિયમ

# લોન નહીં ચૂકવો તો તમારો ફોન લોક થઈ જશે!

## ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

Reserve Bank of India એ ધિરાણકર્તા એટલે કે લોન આપનારની તાકાત વધારવા માટે એક નવો નિયમ બનાવવાની યોજના બનાવી છે. આરબીઆઈનો નિયમ લાગૂ થયા બાદ જે લોકો લોન ચુકવવામાં અસમર્થ હશે તે લોકોના ફોનને ધિરાણકર્તા દૂરથી લોક કરી શકશે. કુલ મળી જોવામાં આવે તો RBI નો આ નિયમ લાગૂ થયા બાદ ધિરાણકર્તાનો પાવર વધશે. પરંતુ તેનાથી ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે. ૨૦૨૪ માં હોમ ક્રેડિટ ફાઈનાન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોન જેવા ત્રીજા ભાગથી વધુ ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ લોન પર ખરીદવામાં આવે છે. ટેલિકોમ નિયમનકાર અનુસાર, ૧.૪ અબજથી વધુ વસ્તી ધરાવતા દેશમાં ૧.૧૬ અબજથી વધુ મોબાઈલ કનેક્શન છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ધિરાણકર્તાઓને ડિફોલ્ટર દેવાદારોના ફોન લોક કરવાનું બંધ કરવા કહ્યું હતું. લોન આપતી વખતે ધિરાણકર્તાઓના ફોન પર ડિવાઈસ લોક કરવા માટે એક એપ ઈન્સ્ટોલ કરવામાં આવશે. ધિરાણકર્તાઓ સાથે ચર્ચા કર્યા પછી, RBI આગામી થોડા મહિનામાં ફેર પ્રેક્ટિસ કોડ અપડેટ કરવા સાથે ફોન-લોકિંગ મિકેનિઝમ પર માર્ગદર્શિકા જારી કરી શકે છે. આરબીઆઈ બે વાતોની ખાતરી કરવા ઈચ્છે છે, પ્રથમ તો ધિરાણકર્તા ફોનને લોક કરી લોનના પૈસા રિકવર કરી શકે અને બીજું કે ગ્રાહકોનો ડેટા પણ સુરક્ષિત રાખવામાં આવે. ઈકોનોમિટ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે આરબીઆઈના પ્રવક્તાએ હાલ આ મામલામાં કોઈ જવાબ આપ્યો નથી.

જો આરબીઆઈનો આ નિયમ લાગૂ થયો તો તેનાથી કંઝ્યુમર પ્રોડક્ટ્સ માટે લોન આરનારી કંપનીઓ જેમ કે બજાજ ફાઈનાન્સ, ડીએમઆઈ ફાઈનાન્લ અને ચોલમાંડલમ ફાઈનાન્સને લાભ પહોંચી શકે છે, જેનાથી રિકવરીની તક વધી શકે છે. ક્રેડિટ બ્યુરો CRIF હાઈમાર્ક અનુસાર ૧૦૦,૦૦૦ રૂપિયાથી નીચેની લોન ડિફોલ્ટના રૂપમાં વધુ જોખમ ભરેલાં છે.

### બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો ગાઢ બનશે : મોદી

# ભારત અને મોરિશિયસ હવે લોકલ કરન્સીમાં વેપાર કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત અને મોરિશિયસ ટૂંકસમયમાં લોકલ કરન્સી (સ્થાનિક ચલણ)માં વેપાર કરી શકશે. બંને દેશો વચ્ચે આર્થિક અને નાણાકીય સંબંધોને વધુ ગાઢ બનાવતા આ પગલું લેવામાં આવ્યું હોવાનું વડાપ્રધાન મોદીએ જણાવ્યું છે. વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરિશિયસના વડાપ્રધાન ડો. નવીનચંદ્ર રામગુલામ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરી હતી. જેમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મામલે વિવિધ ચર્ચા થઈ હતી. બંને દેશોએ પોતાના સ્થાનિક ચલણમાં વેપારને મંજૂરી આપવા સહમતિ દર્શાવી હતી. બંને દેશોના વડાએ ચાગોસ કરાર સંપન્ન થવા પર શુભકામના પાઠવી હતી. મોરિશિયસ વડાપ્રધાન નવિનચંદ્ર રામગુલામ ભારતની મુલાકાતે છે. વારાણસીમાં તેમનું ભવ્ય સ્વાગત થયુ હતું. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ગતવર્ષે મોરિશિયસમાં યુપીઆઈ અને રૂપે કાર્ડ સર્વિસ શરૂ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે બંને દેશોના નાગરિકો અને વેપારીઓ સરળતાથી સ્થાનિક ચલણમાં જ ટ્રાન્ઝેક્શન કરી શકશે.

વડાપ્રધાન મોદીએ ખાસ આર્થિક પેકેજ રજૂ કર્યું છે. આ પેકેજ હેઠળ ૫૦૦ બેડની સર સીવુસગુર રામગુલમ નેશનલ હોસ્પિટલ, વેટરનિટી સ્કૂલ અને એનિમલ હોસ્પિટલ અને આયુષ સેન્ટર ઓફ એક્સેલન્સ સહિતના પ્રોજેક્ટમાં ફંડ ફાળવશે. જે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવાની સાથે રોજગારીની તકોનું સર્જન કરશે. જે હેલ્થકેર સુવિધામાં સુધારો કરશે. બંને દેશો વચ્ચે એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશીપ પણ છે. ભારત મોરિશિયસને ૧૦૦ ઈલેક્ટ્રિક બસ ફાળવવાનું છે. જેમાંથી ૧૦ બસનો સપ્લાય થઈ ચૂક્યો છે. વડાપ્રધાન મોદીએ ટમરિન્ડ ફોલ્સ ખાતે ૧૭.૫ મેગાવોટ ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા આર્થિક સહાય આપવાની ખાતરી પણ આપી છે.

# સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૨૧૧ નરમ, ચાંદીના વાયદામાં રૂ.૧૩૬ની વૃદ્ધિ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૨૦૩૫.૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૭૪૨.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૬૨૯૨.૦૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૨૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૨૪.૧૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૧૫૬.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮૭૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૯૯૦ અને નીચામાં રૂ.૧૦૮૫૬૩ના મથાળે અથડાઈ, રૂ.૧૦૮૯૮૬ના આગલા બંધ સામે રૂ.૨૧૧ ઘટી રૂ.૧૦૮૭૭૫ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૪ ઘટી રૂ.૮૭૨૩૦ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૪ ઘટી રૂ.૧૦૯૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪ ઘટી રૂ.૧૦૮૬૬૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૮૭૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૦૭૦ અને નીચામાં રૂ.૧૦૮૬૭૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૯૦૫૩ના આગલા બંધ સામે રૂ.૧૫૩ ઘટી રૂ.૧૦૮૯૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૫૦૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૩૪૦ અને નીચામાં રૂ.૧૨૪૫૯૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૫૧૮૦ના આગલા બંધ સામે રૂ.૧૩૬ વધી રૂ.૧૨૫૩૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૬૪ વધી રૂ.૧૨૫૧૬૭ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૮૭ વધી રૂ.૧૨૫૧૭૧ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૮૩૯.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૭ વધી રૂ.૯૦૯ થયો હતો. જસત સપ્ટેમ્બર વાયદો ૭૦ પૈસા વધી રૂ.૨૭૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો રૂ.૩ વધી રૂ.૨૫૮.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું સપ્ટેમ્બર વાયદો ૫૦ પૈસા વધી રૂ.૧૮૧.૭ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૭૦૬.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૮૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૯૮૮ અને નીચામાં રૂ.૩૮૮૨ના મથાળે અથડાઈ, રૂ.૬૧ ઘટી રૂ.૩૯૦૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૧૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૨૭ અને નીચામાં રૂ.૫૫૮૬ના મથાળે અથડાઈ, રૂ.૫૬૨૨ના આગલા બંધ સામે રૂ.૩૧ ઘટી રૂ.૫૫૯૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૮ ઘટી રૂ.૫૫૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૭ વધી રૂ.૨૬૯.૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૬ વધી રૂ.૨૬૯.૩ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૭૯ના ભાવે ખૂલી, રૂ.૨.૫ ઘટી રૂ.૯૭૬.૫ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૧ ઘટી રૂ.૨૫૮૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૯૭૧૭.૬૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪૩૯.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૪૫૮.૪૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૯.૨૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૪૧.૩૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૯.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૪૫.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૯.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૫૧.૯૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪.૮૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૪ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૭૦૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૪૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૫૭૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૨૧૯૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૨૬૦૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૫૦૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૬૮૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૭૭૮૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૧૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૭૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૩૫૩ લોટના સ્તરે રહ્યો હતો. ન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૩૪૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૩૬૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૨૭૪ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૯૯ પોઈન્ટ ઘટી ૨૫૨૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૬ ઘટી રૂ.૯૩.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૦.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯.૫ ઘટી રૂ.૭૮૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨.૫ વધી રૂ.૨૫૮૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા વધી રૂ.૮.૩ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૯ પૈસા ઘટી રૂ.૨.૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૬.૫ વધી રૂ.૧૦૩.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૧૧.૨૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧.૫ વધી રૂ.૯૩૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૭.૫ ઘટી રૂ.૨૨૫૦ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૨ ઘટી રૂ.૫.૦૭ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૮ પૈસા ઘટી રૂ.૧.૭૮ના ભાવે બોલાયો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### નેપાળ હિંસા

# બે દિવસમાં ભાવનગરના ૮૭ પ્રવાસીઓ સુરક્ષિત ભારત પહોંચ્યા

## પોખરામાં ૪૩ તેમજ કાઠમાંડુમાં સિહોરના બે મળી કુલ ૪૫થી વધુ યાત્રાળુઓ ફસાયા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર,

નેપાળમાં ગરીબી, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ સહિતના પ્રશ્નોને લઈ યુવાનોએ Gen-Z નામે આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલને બીજા દિવસે હિંસક સ્વરૂપ ધારણ કરતા પશુપતિનાથ અને અન્ય ધાર્મિક સ્થળોએ યાત્રામાં ગયેલા ભાવનગર જિલ્લાના પ્રવાસીઓ ફસાયા હતા. જોકે, બુધવારે (૧૦ સપ્ટેમ્બર) બપોરે પોખરાથી સલામત ભારત પહોંચી જતાં યાત્રિકો અને તેમના પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

નારી ગામ, સિહોર, વરતેજ સહિતના ગામોમાંથી કુલ ૩૬ પ્રવાસી, રસોયા, આયોજન મળી કુલ ૪૩થી વધુ લોકો મંગળવારે નેપાળમાં ફાટી નીકળેલા તોફાનના કારણે પોખરાની એક હોટલમાં ફસાયા હતા. માં ટૂર એન્ડ ટ્રાવેલ્સ દ્વારા આયોજીત પ્રવાસમાં મોટાભાગના વૃદ્ધો હતાં, જે વિસ્ફોટક સ્થિતિથી ગભરાઈ ગયા હતા. આ દરમિયાનમાં ભાવનગરના રાજકીય નેતાઓ, સ્થાનિક વહીવટી તંત્રએ તેઓનો સંપર્ક કરી વહેલી તકે નેપાળમાંથી બહાર કાઢવા આશ્વાસન આપ્યું હતું. બુધવારે સવારે નેટવર્ક ઈસ્યુના કારણે તેઓનો સંપર્ક થઈ શક્યો ન હતો. બાદમાં બપોરે સંપર્ક થતાં તેઓ ટુરિસ્ટ બસમાં જ બેસી પોખરાથી નીકળી ગયા હતા અને રાત સુધીમાં ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે સુરક્ષિત રીતે પહોંચ્યા હોવાનું જિલ્લા વહીવટી તંત્રએ સત્તાવાર રીતે જણાવ્યું છે.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું કે, પોખરામાં ૪૩ તેમજ કાઠમાંડુમાં સિહોરના બે મળી કુલ ૪૫થી વધુ યાત્રાળુઓ ફસાયા હતા. તેમની તમામ માહિતી ગાંધીનગર રેઝીડેન્ટ કમિશનર, ભારતીય દૂતાવાસને મોકલી આપી છે. મંગળવારે રાત્રે પણ ભાવનગરની એક બસના ૪૨ જેટલા પ્રવાસીઓ સુરક્ષિત રીતે ભારત પહોંચ્યા હતા.ભાવનગર શહેરમાંથી પણ એક ખાનગી લકઝરી સ્લીપર બસ નેપાળ ગઈ હતી. આશરે ૩૫ જેટલા યાત્રાળુઓ સાથેની આ બસ મંગળવારે રાત્રે જ જનકપુરથી નેપાળ બોર્ડર પાર કરી ભારત આવી ગઈ હતી. ભાવનગર જિલ્લા ટુર એન્ડ ટ્રાવેલ્સ એસો.ના પ્રમુખ રાજભા ગોહિલે જણાવ્યું કે, નેપાળમાં હિંસક આંદોલન ચાલી રહ્યું છે. પરંતુ ત્યાંના સ્થાનિકો કોઈ યાત્રાળુઓને નુકસાન નથી પહોંચાડી રહ્યા. પોખરામાં ગુજરાતી યાત્રાળુઓને હોટલ માલિકો દ્વારા વિનામૂલ્યે રહેવા અને જમવાની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. તેમજ યાત્રાળુઓની બસને આર્મીના બંદોબસ્ત સાથે સુરક્ષિત સ્થાન સુધી પહોંચાડવામાં આવી રહી છે.નેપાળના હિંસક આંદોલનમાં ફસાયેલી ભાવનગરની ખોડિયાર ટ્રાવેલ્સની બસ યાત્રાળુઓ સાથે હેમખેમ બોર્ડર પાર કરી ચુકી છે. આ બસ ગત ૨૯ ઓગસ્ટે ભાવનગરથી ૩૫ મહિલા-ચાત્રાળુઓ અને સ્ટાફ મળી ૪૦ થી ૪૨ લોકો સાથે ટુર માટે નીકળી હતી. નેપાળમાં પશુપતિનાથ, મુક્તિધામ, પોખરા અને બાદમાં મંગળવારે બપોરે જનકપુર સાઈડસીન કરી રહ્યા હતા. ત્યારે સ્થિતિ બેકાબૂ થવા લાગતા નેપાળ પોલીસે દોડી આવી જનકપુરથી નીકળી જવા ભલામણ કરી તેમના વાહનનું પાઈલોટિંગ આપ્યું હતું. રસ્તામાં ટોળાએ ચાર કલાક સુધી બસને ઉભી રખાવી હતી. બસ ભારતીય પ્રવાસીઓની હોવાથી ટોળાએ એકપણ વ્યક્તિ સાથે દુર્વ્યવહાર કે બસને નુકસાન કર્યું નહતું અને બાદમાં બસને નેપાળ બોર્ડર ક્રોસ કરાવવામાં પણ પોલીસની સાથે સ્થાનિકોની મદદ મળી હતી. ટુરના આયોજક રીટાબહેન ચૌહાણ અને બસ ડ્રાઈવર લાલાભાઈએ જણાવ્યું કે, હાલ તમામ યાત્રાળુઓ અયોધ્યા રોકાયા છે.

# નડિયાદ પાલિકામાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ બાખડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નડિયાદ,

નડિયાદ નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છૂટ્ટા હાથની મારામારી થઈ હોવાનું સામે આવ્યું છે. ડેપ્યુટી કમિશનરની ઓફિસની બહાર બનેલી આ ઘટનામાં બંને પક્ષના કાર્યકરોએ એકબીજા પર ગંભીર આરોપો લગાવ્યા છે.

મળતી માહિતી મુજબ ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો પોતપોતાના વિસ્તારોના પ્રશ્નોની રજૂઆત કરવા માટે નગરપાલિકાની ઓફિસ પર એકઠા થયા હતા. રજૂઆત દરમિયાન કોઈ મુદ્દાને લઈને બંને પક્ષો વચ્ચે ઉગ્ર શાબ્દિક બોલાચાલી થઈ. જોતજોતામાં આ બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું અને બંને પક્ષના કાર્યકરોએ એકબીજા પર છૂટ્ટા હાથની મારામારી શરૂ કરી દીધી. આશ્ચર્યની વાત એ છે કે આ સમગ્ર ઘટના પોલીસની હાજરીમાં બની હતી. પોલીસે તાત્કાલિક દરમિયાનગીરી કરીને બંને પક્ષના કાર્યકરોને છૂટા પાડવાનો પ્રયાસ કર્યો. જોકે, શરૂઆતમાં પરિસ્થિતિ પર કાબૂ મેળવવો મુશ્કેલ બન્યો હતો. આ ઘટનાને કારણે ઓફિસના અન્ય કર્મચારીઓ અને નાગરિકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

ઘટના બાદ બંને પક્ષના નેતાઓ એકબીજા પર મારામારી શરૂ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. ભાજપના નેતાઓએ દાવો કર્યો છે કે કોંગ્રેસના કાર્યકરોએ હુમલો કર્યો હતો, જ્યારે કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું છે કે ભાજપના કાર્યકરોએ પહેલા ઉશ્કેરણીજનક વર્તન કર્યું અને મારામારી શરૂ કરી.

પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી લીધો છે અને સમગ્ર મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ હંગામાને કારણે નગરપાલિકામાં થોડા સમય માટે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી.

### અમેરિકાથી પરત આવ્યા બાદ ખુલ્યો કૌભાંડ

# બહેન અમેરિકામાં રહે છે અને સુરતમાં રહેતા ભાઈએ ખોટું પાનકાર્ડ બનાવીને ખેલ કરી નાખ્યો

## અમેરિકામાં વસતી બહેનનું ખોટું પાનકાર્ડ બનાવી તેની બોગસ સહી કરી ૧.૧૭ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી નાખતા ભારે ચકચાર મચી ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરતઃ ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાં ભાઈ-બહેનના પવિત્ર સંબંધને શરમસાર કરતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સણીયા-હેમાદ વિસ્તારના એક પરિવારમાં મોટા ભાઈએ પોતાની અમેરિકામાં વસતી બહેનનું ખોટું પાનકાર્ડ બનાવી તેની બોગસ સહી કરી ૧.૧૭ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી નાખતા ભારે ચકચાર મચી ગઈ છે.આ ઘટના પ્રકાશમાં આવતા માત્ર પરિવારમાં જ નહીં, પરંતુ સમગ્ર પંથકમાં ચર્ચા ફેલાઈ છે. બહેન અમેરિકાથી વતનમાં પરત ફરતા ભાઈના કારસ્તાનોનો પર્દાફાશ થયો હતો. સમગ્ર મામલે પીડિત બહેન દ્વારા સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાઈ છે અને પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મૂળ સણીયા હેમાદની વતની અને હાલ અમેરિકા સ્થાયી થયેલી ૪૫ વર્ષીય રંજીતા પટેલ પોતાના પુત્ર સાથે ત્યાં નોકરી કરી જીવન નિર્વાહ કરે છે. રંજીતા પટેલ તથા તેના ભાઈ-માતા-પિતાના સંયુક્ત નામે વેડછા ગામે જમીન હતી. ગત જુલાઈ ૨૦૨૩માં આ જમીન ૪.૭૨ કરોડ રૂપિયામાં વેચાઈ હતી. જમીનના સોદામાં રંજીતાના હિસ્સામાં ૧.૧૭ કરોડ રૂપિયા આવવાના હતા. તે સમયે મોટા ભાઈ ભાવિન પટેલના હિસ્સામાં આવેલા રૂપિયા સહિત કુલ ૧.૮૪ કરોડ રૂપિયા સુરતની કુંભારીયા સ્થિત બેંક ઓફ બરોડાની શાખામાં જોઈન્ટ એકાઉન્ટમાં જમા કરાયા હતા. આ રૂપિયા સપ્ટેમ્બર ૨૦૨૫માં ઉપાડવાના હોવાનું જણાવાયું હતું.

વર્ષ ૨૦૨૪માં રંજીતા પટેલ અમેરિકાથી સુરત પરત આવી ત્યારે તેણે પોતાના એકાઉન્ટની વિગતો ચકાસી. ત્યારે આઘાતજનક સત્ય બહાર આવ્યું કે તેના હિસ્સાના ૧.૧૭ કરોડ રૂપિયા બેંકમાંથી ઉપાડી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ રકમ મોટાભાઈ ભાવિન પટેલે જ ઉપાડી લીધી હતી. માત્ર એટલું જ નહીં, પણ રકમ ઉપાડવા માટે રંજીતા પટેલનું ખોટું પાનકાર્ડ બનાવવામાં આવ્યું હતું અને તેની બોગસ સહી કરીને રકમ ઉપાડી લેવામાં આવી હતી. બહેન રંજીતા પટેલે ભાઈના આ છેતરપિંડીના કારસ્તાન સામે સારોલી પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ દાખલ કરી છે. પોલીસે IPCની લાગુ થતી કલમો હેઠળ ઠગાઈ, જાળસાજી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે.

આ સમગ્ર કિસ્સો બહાર આવતા સણીયા-હેમાદ વિસ્તારમાં ભારે ચકચાર મચી છે. પરિવારના સભ્યો જ ભાઈ-બહેનના સંબંધમાં દગો આપે તેવી ઘટના સમાજ માટે ચેતવણીરૂપ બની છે. આ બનાવ પછી સમાજમાં અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ ગઈ છે. કુટુંબની મિલકત કે સંપત્તિના વિતરણ સમયે થતા ઝઘડા અને છેતરપિંડીના કિસ્સાઓ વધી રહ્યાં છે. ખાસ કરીને પરિવારજનો જ વિશ્વાસઘાત કરે ત્યારે પીડિત પક્ષ માટે આર્થિક તેમજ માનસિક રીતે મોટો આઘાતરૂપ બને છે. આ ઘટનાએ ફરી એકવાર એ સવાલ ઊભો કર્યો છે કે કુટુંબની અંદર વિશ્વાસના નાતાને તોડીને માત્ર સંપત્તિ માટે આટલી મોટી ઠગાઈ કરવી કેટલી નૈતિક છે?

# નિકોલ ચાર રસ્તા પાસે XUV કાર અને એક્ટિવા વચ્ચે સર્જાયો ગમખ્વાર અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદના નિકોલ ચાર રસ્તા પાસે એક અકસ્માત સર્જાયો છે. જેમાં એક XUV કાર અને એક્ટિવા વચ્ચે ટક્કર થતાં બંને વાહનચાલકો ઘાયલ થયા છે. આ ઘટના બાદ તાત્કાલિક બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. નિકોલ ચાર રસ્તા જેવા વ્યસ્ત વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. કારચાલકે બેફામ ગતિથી વાહન ચલાવી એક્ટિવાને ટક્કર મારી હોવાનું પ્રાથમિક રીતે જણાઈ રહ્યું છે.

ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવાચાલક ફંગોળાઈ ગયો હતો. જ્યારે કારચાલકને પણ ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને રોડ પરથી હટાવીને ટ્રાફિક ક્લિયર કરવાની કામગીરી હાથ ધરી હતી. આ સાથે જ પોલીસે આ અકસ્માત કયા સંજોગોમાં થયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં ટ્રાફિક નિયમોના પાલન અને બેફામ વાહન ચલાવતા લોકોની બેદરકારી અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ચાર રસ્તા જેવા ગીચ વિસ્તારમાં પણ લોકો લાલબત્તી અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા જોવા મળે છે. જેના પરિણામે આવા અકસ્માતો વારંવાર બને છે. પોલીસ દ્વારા આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવે અને બેફામ વાહન ચલાવતા લોકો સામે દાખલો બેસાડવામાં આવે તે અત્યંત જરૂરી છે.

### દુકાનમાં રહેલી તિજોરી તોડી ચોરી કરી

# ધોળકામાં ૨૫ લાખની ચોરીના કેસનો ભેદ ઉકેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદના ધોળકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક મકાનની નીચે ચાલતા ગેરેજમાંથી લાખો રૂપિયાની ચોરી થઈ છે. આ ચોરીમાં ૧૯ લાખ રૂપિયા રોકડા અને ૬ લાખ રૂપિયાના દાગીનાનો સમાવેશ થાય છે. આ બનાવને પગલે ધોળકા પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરતા આરોપી જાણ ભેદુ જ નીકળ્યો છે અને પોલીસે રોકડ રકમ અને દાગીના સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં પણ મોટી સફળતા મેળવી છે.

કહેવાય છે ને કે પૈસા ભલભલાના મન બદલી નાખે છે અને પૈસાની લાલચમાં વ્યક્તિ ક્યારેક ન કરવાનું પણ કરી નાખે છે, ક્યારેક તે ઘરનો જ વ્યક્તિ હોય કે પછી બહારનો પૈસાની લાલચમાં ચોરી જેવો ગુનો કરી બેસે છે અને આવું જ અમદાવાદમાં બન્યું છે. ધોળકામાં ગેરેજ માલિકના મકાન નીચે આવેલી દુકાનમાંથી તિજોરી તોડી ચોરીની થયાની ઘટના સામે આવી હતી, જેમાં ૧૯ લાખ રોકડા, સોનાના ૧૮.૫ તોલા દાગીના અને ચાંદીના દાગીના મળીને કુલ રૂ.૨૪,૯૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઈ હતી. જેની સમગ્ર તપાસ પોલીસે શરૂ કરી હતી અને પોલીસને તપાસમાં કોઈ જાણીતુ નજીકનું વ્યક્તિ લાગ્યું હતું, જેથી પોલીસે તે દિશામાં તપાસ કરતા સામે આવ્યું કે ચોરી કરનાર કોઈ નહીં પરંતુ ગેરેજની સામે ઉભો રહેતો ફ્રુટ લારી ચલાવતો ૫૦ વર્ષીય ઉંમરનો ફારૂક મન્સૂરી હતો.

અહીં મહત્વની વાત એ છે કે ૧૮.૫ તોલા સોનાની વર્તમાન કિંમત ૨૨ કેરેટના રૂ.૧,૦૧,૩૫૦ મુજબ ૧૮.૫ તોલાના રૂ. ૧૮,૭૪,૯૭૫ ગણીએ તો કુલ ચોરી ૧૯ લાખની રોકડ સાથે રૂપિયા ૩૭,૭૪,૯૭૫ થાય છે. જે દાગીના પોલીસને તપાસ સમયે આરોપીના ઘરેથી મળી આવ્યા હતા, ધોળકામાં ન્યૂ ગોલ્ડન ઓટો ગેરેજના માલિક ફીરોજભાઈ હસનભાઈ રાધનપુરી સોમવારે ગેરેજ બંધ કરવા જતાં ટેબલ ખાનામાંથી એક ચાવી ગાયબ હતી. બીજી ચાવીથી ત્રણ શટર પૈકી એકનો દરવાજો બહારથી અને બેના અંદરથી બંધ કરી ઉપરના માળે મકાનમાં ગયા હતા. ૯ સપ્ટેમ્બરે સવારે પરત આવતાં ગુમ થયેલી ચાવી ગેરેજમાં પડી હતી. તિજોરીના બંને લોકર ખુલ્લા હતા. જેમાંથી ૨ લાખ અને ૫૦૦ના દરના ૩૪ બંડલ રૂપિયા ૧૭ લાખ અને ૧૮.૫ તોલા સોનાના દાગીના ગાયબ હતા.

આ ઘટના બાદ ફરિયાદીએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો અને ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનના પીઆઈ જે.ડી. ડાંગરવાલાએ આ મામલે તપાસ શરૂ કરી છે. અજાણ્યા ચોરને પકડવા માટે ડોગ સ્ક્વોર્ડ અને એફએસએલની મદદ લેવાઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેમાં પોલીસને આરોપીને મુદ્દામાલ સાથે પકડવામાં સફળતા મળી હતી. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું કે તેને ઈકો કાર લેવી હતી, જેના કારણે તેને ચોરીને અંજામ આપ્યો હતો. જોકે અન્ય કોઈ જગ્યાએ આરોપીએ ચોરી કરી છે કે કેમ તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

### PGVCLની ટીમને ગામના રોષનો ભોગ બનવું પડ્યું

# અમરેલીના બગસરામાં ગામલોકોએ PGVCLની ટીમને ભગાડી

## PGVCLની સાતથી આઠ ગાડીઓનો કાફલો પોલીસ બંદોબસ્ત સાથે વહેલી સવારે ગામમાં ચેકિંગ માટે પહોંચ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી,

રાજયભરમાં વીજચોરી ડામવા માટે PGVCL દ્વારા સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

તેના ભાગરૂપે, અમરેલીના ધારી શહેરમાં PGVCLની જુદી-જુદી ટીમો દ્વારા રહેણાંક વિસ્તારોમાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ બગસરાના માવજીંજવા ગામે PGVCLની ટીમને ગામના રોષનો ભોગ બનવું પડ્યું હતું, સ્થાનિકોએ PGVCLની ટીમને ગામમાંથી હાંકી કાઢી હતી.PGVCLની ટીમોએ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ધારી શહેરના નવી વસાહત ખાડિયા વિસ્તારમાં વહેલી સવારે દરોડા પાડ્યા હતા. આ અચાનક ચેકિંગથી વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. PGVCLની વીજ ચેકિંગ ટીમોને અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના માવજીંજવા ગામમાંથી ગ્રામજનો અને સરપંચ દ્વારા હાંકી કાઢવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. PGVCLની સાતથી આઠ ગાડીઓનો કાફલો પોલીસ બંદોબસ્ત સાથે વહેલી સવારે ગામમાં ચેકિંગ માટે પહોંચ્યો હતો, પરંતુ ગ્રામજનોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

ગામના સરપંચ મહેશ સભાડિયાએ PGVCL પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતુ કે, "ગામના લોકોએ PGVCLને લગતા પ્રશ્નો અંગે અનેક વખત રજૂઆતો કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી અમારી અરજીઓ પેન્ડિંગ પડી છે. PGVCL પાસે ચેકિંગ કરવાનો સમય છે, પરંતુ મેન્ટેનન્સ માટે સમય નથી."સરપંચે વધુમાં કહ્યું કે, "ગામમાં વીજવાયરો તૂટેલા છે અને PGVCL દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. ગામમાં પ્રવેશ કરતાં પહેલાં જ્યોતિગ્રામ અને ખેતીવાડીનું મેન્ટેનન્સ કરવું જોઈએ. ગામ અમારા બાપનું છે, મહેરબાની કરીને મને પૂછ્યા વગર મારા ગામમાં પગ ન મૂકતા, નહીંતો કોઈના ટાંગા-બાંગા ધોવાઈ જશે વગરકામના, જો તમે મેન્ટેનન્સનું કામ પૂરું કરીને આવશો, તો અમે સાથે રહીને ચેકિંગ કરાવીશું."

સરપંચનો એવો પણ આરોપ છે કે, PGVCLની ટીમોએ માત્ર ફોટા પાડીને ગામમાંથી વિદાય લીધી છે અને બાદમાં દંડના બિલ મોકલશે. આ ઘટનાને પગલે PGVCL અને ગ્રામજનો વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ હતી.

# સુરતના પુણા વિસ્તારમાંથી નકલી પનીર ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરતમાંથી નકલી પનીરનો જથ્થો ઝડપાયો હોવાની વાત સામે આવી છે, પુણા વિસ્તારમાંથી નકલી પનીર ઝડપાયું છે અને પોલીસે ૩૧૫ કિલો નકલી પનીરનો જથ્થો જપ્ત કરાયો છે,

ક્રિષ્નાનગર પાસે મકાનમાંથી મળ્યું નકલી પનીર અને પનીરના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો છે, આ પનીર કોને આપવામાં આવતું હતુ તે દિશામાં ફૂડ એન્ડ પોલીસ વિભાગે તપાસ શરૂ કરી છે.

સુરતમાં ફરી નકલી પનીરનો જથ્થો ઝડપાયો છે, LCB ઝોન-૧ પોલીસે મનપાની ટિમ સાથે રાખીને ૩૧૫ કિલો પનીર ઝડપી પાડ્યું છે, પુણા ક્રિષ્ના નગર પાસે આવેલા ઘર નંબર ૧૧૯ માંથી નકલી શંકાસ્પદ પનીરનો જથ્થો મળ્યો છે, પંજક ભૂત નામના વ્યક્તિને ઝડપી પાડવામાં આવ્યો છે અને સુરતમાં નકલી ચીજ વસ્તુની ભરમાર જોવા મળી છે, કેટલા સમયથી અને કોને પનીર વેંચતા હતા તે દિશામાં પણ તપાસ હાથધરી છે.

સુરતમાં અગાઉ પણ નકલી પનીરનો જથ્થો ઝડપાયો હોવાની વાત સામે આવી હતી, નકલી પનીરનો જથ્થો સૌથી વધારે પ્રમાણે સુરતમાંથી ઝડપાયો છે, પોલીસને બાતમી હતી અને તે બાતમીના આધારે રેડ કરવામાં આવી હતી.

### બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટરની ધરપકડ

# અમદાવાદના બોપલમાં ગૂંગળાઈ જવાથી બે શ્રમિકોના મોતનો કેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદ પોલીસે ગત અઠવાડિયે બોપલની ધ ગાર્ડન બંગલોઝ સોસાયટીમાં સુએઝ લાઇન સાફ કરતી વખતે ગૂંગળાઈ જવાથી બે શ્રમિકોના મોત નીપજ્યા હતા. આ કેસ મામલે બેદરકારી દાખવનાર પ્લમ્બિંગ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ આરોપી મુકેશ ઠાકુર છે. તેણે સોસાયટીમાં રૂ.૧.૫૦ લાખના ખર્ચે સુએઝની સફાઈ અને ડ્રેનેજ કનેક્શનનો કોન્ટ્રાક્ટ લીધો હતો. બોપલ પોલીસ સ્ટેશનમાં FIR નોંધાયા બાદ ઠાકુરની ધરપકડ કરવામાં આવી છે.

સમગ્ર ઘટના ૫ સપ્ટેમ્બરના રોજ બની હતી. જેમાં ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લાના વતની શ્રમિકો વિકાસ કોરી (ઉં.વ.૨૦) અને કનૈયા કોરી (ઉં.વ.૨૧)ને કોઈપણ સુરક્ષા સાધનો વિના સુએઝ લાઇનમાં ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં લાઇન સાફ કરવા માટે હાઇ-પ્રેશર મશીન ચલાવતી વખતે દુર્ઘટના સર્જાઈ હતી.

બાદમાં ફાયર બ્રિગેડના કર્મચારીઓને બચાવ કામગીરી માટે બોલાવવામાં આવ્યા હતા. બંને શ્રમિકોને સાયન્સ સિટીની સિટી પ્લસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં કનૈયાને બપોરે ૩:૪૦ વાગ્યે મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદમાં પ્લમ્બર તરીકે કામ કરતો વિકાસ પણ એ જ રાત્રે ૧૦:૨૫ વાગ્યે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યો હતો.

વિકાસના પિતા લાલ બહાદુર છોટેલાલે આક્ષેપ કર્યો છે કે, કોન્ટ્રાક્ટરે બેદરકારી દાખવીને માણસોને સુરક્ષા સાધનો વિના સુએઝ લાઇનમાં કામ કરવા મજબૂર કર્યા હતા, જોકે તે જોખમોથી વાકેફ હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "આરોપી કોન્ટ્રાક્ટરે જોખમી સુએઝ સફાઈના કામ માટે શ્રમિકોને હેલ્મેટ, ઓક્સિજન માસ્ક કે સુરક્ષા પોશાક જેવા સાધનો પૂરા પાડ્યા નહોતા. બંને શ્રમિકોનું ગૂંગળાઈ જવાથી મૃત્યુ થયું છે. ફરિયાદ નોંધાયા બાદ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, અને વધુ તપાસ ચાલી રહી છે."

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠામાં ભારે વરસાદથી પ્રભાવિત સરહદી ગામોની મુલાકાતે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારે વરસાદ પ્રભાવિત બનાસકાંઠા જિલ્લાના સુઈ ગામના અસરગ્રસ્ત વિસ્તારોની જાત મુલાકાત લઈને સમગ્ર સ્થિતિનો જાયજો મેળવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી ગુરુવારે બપોરે સુઈગામ પહોંચ્યા હતા અને સુઈગામ સામૂહિક આરોગ્ય કેન્દ્રના આશ્રય સ્થાનમાં આશરો લઈ રહેલા પૂર અસરગ્રસ્તો સાથે વાતચીત કરીને તેમને અપાતી સગવડ તેમજ પૂરથી થયેલા નુકસાનની વિગતો જાણી હતી અને સરકાર આ પૂરની પરિસ્થિતિમાં તેમની પડખે હોવાનો અહેસાસ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી સૂઈ ગામમાં વરસાદી પાણી ભરાયેલા વિસ્તારોમાં અને જલોત્રા સબ સ્ટેશન પણ ગયા હતા અને વરસાદથી ઊભી થયેલી સ્થિતિથી અવગત થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાના વાવમાં ગુરુવારે રાત્રી રોકાણ કરીને ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો અને પરિસ્થિતિની વિગતો મેળવી હતી. ત્યારબાદ તેમણે સુઈગામ પ્રાંત અધિકારી કચેરીમાં વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા પ્રભારી મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત, ધારાસભ્યશ્રીઓ સવશ્રી સ્વરૂપજી ઠાકોર, અનિકેત ઠાકર, પ્રવીણ માળી, પૂર્વ ધારાસભ્ય શ્રી શશિકાંત પંડ્યા, અને પદાધિકારીઓ તથા મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને અધિકારીઓ સાથે બેઠક યોજીને તંત્રએ હાથ ધરેલી બચાવ રાહત કામગીરીની સમીક્ષા કરવા સાથે જરૂરી માર્ગદર્શક સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરીની સરાહના કરી હતી અને સ્થિતિ પૂર્વવત થાય ત્યાં સુધી આવી જ સંવેદના અને ત્વરાથી કાર્યરત રહેવાની પ્રેરણા આપી હતી. તેમણે વરસાદી અસરગ્રસ્તોને કેસ ડોલ્સની ચુકવણી ગુરુવારે સાંજથી જ શરૂ કરી દેવા અને ઘરવખરી સહાય ચૂકવવામાં એસ.ઓ.પી બનાવીને તે મુજબની સહાય ચૂકવવા દિશા નિર્દેશો આપ્યા હતા. પશુધન મૃત્યુના કિસ્સામાં સહાયની ચુકવણી વેટર્નરી ઓફિસર દ્વારા ખરાઈ કરીને ચૂકવાય તે માટે સૂચનાઓ આપી હતી. સુઈગામ સહિતના સરહદી ગામોમાં કનેક્ટિવિટી પૂર્વવત કરવાના આયોજનને અગ્રતા આપવા તેમણે વહીવટી તંત્રને જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પૂરની આવી સ્થિતી વારંવાર ન સર્જાય તે માટે લાંબાગાળાના નિવારણ આયોજનની આવશ્યક્તા સમજાવી હતી. આ સમિક્ષા બેઠકમાં બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહીર પટેલે સુઈગામ, વાવ, થરાદ અને ભાભરમાં ૩૪૧૬ ચોરસ કિલોમીટર વિસ્તારના ૨૯૬ જેટલા ગામોને આ ભારે વરસાદથી અસર પહોંચી હોવાની વિગતો પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાં રેસ્ક્યુ અને સ્થળાંતરની વિગતો આપતા આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, ૪ તાલુકાઓમાં કુલ ૨૨૮ લોકોનું રેસ્ક્યુ અને ૬૮૦૦થી વધુ અસરગ્રસ્તોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલું છે. એટલું જ નહીં, એન.ડી.આર.એફ.ની ૨ ટીમ અને એસ.ડી.આર.એફની ૩ ટીમ સ્થાનિક પ્રશાસનની મદદ માટે તૈનાત છે.

રાજ્ય સરકાર દ્વારા ૧૫ કિલો ખાદ્ય સામગ્રીની એક એવી ૧૮ હજાર કીટ્સ અસરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિકોને પહોંચાડવા માટે રવાના કરવામાં આવી છે. આ ઉપરાંત અઢી લાખ ફૂડ પેકેટ અને ૩ લાખ પાણીની બોટલ અત્યાર સુધીમાં અસરગ્રસ્તોને પૂરી પાડવામાં આવી છે. અસરગ્રસ્ત તાલુકાઓમાં બધા જ સબ સ્ટેશનમાં વીજ પુરવઠો કાર્યરત છે અને ૨૧૩ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી તે દુરસ્ત કરીને ૧૮૧થી વધુ ગામોમાં પુરવઠો પૂર્વત થઈ ગયો છે.

પાણી પુરવઠાની વિગતો આપતા જિલ્લા કલેકટર શ્રી મિહીર પટેલે જણાવ્યું હતુ કે, અસરગ્રસ્ત ૪ તાલુકાના ૨૯૫ ગામો પૈકી ૧૬૮ ગામોમાં પાણી પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે અને બધાજ ગામોમાં પીવાનું પાણી મળે તે માટે યુદ્ધના ધોરણે કામગીરી ઉપાડવામાં આવી છે. અસરગ્રસ્ત ગામોમાં વરસાદના પાણીને કારણે રોગચાળો-બીમારી ન ફેલાય તેની આરોગ્યલક્ષી તકેદારી સાથે ૨૦૭ મેડિકલ સર્વેલન્સ ટીમ કાર્યરત કરીને ૭૬૦૦ ઉપરાંત ક્લોરિન ટેબ્લેટ, ૧૦૪૦ જેટલા ORS પેકેટ વિતરણ કરવામાં આવ્યા છે તેમ જ હાઉસ ટુ હાઉસ આરોગ્યલક્ષી સર્વે કામગીરી પણ સત્વરે પૂર્ણ કરવા તંત્ર પ્રતિબદ્ધ છે.

વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પાણીનું ક્લોરીનેશન મૂળ સોર્સથી જ કરાવીને વિતરણ વ્યવસ્થાની હિમાયત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સુઈ ગામની તેમની મુલાકાત બાદ મોડી સાંજે થરાદ તાલુકાના નાગલા અને ખાનપુર ગામોમાં અસરગ્રસ્તોની મુલાકાતે પહોંચ્યા હતા અને આ વિસ્તારોમાં ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટે સ્થાનિક લોકો સાથે ચર્ચા કરીને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

# ગુજરાતમાં કોંગ્રેસની વિધાનસભા ચુંટણી જીતવાની તડામાર તૈયારીઓ : બુથ સ્થફથી કોંગ્રેસને મજબુત બનાવવા પર ભાર મુકતા મલ્લિકાર્જુન ખડગે

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટી સંગઠનોને બુથ સ્તરે મજબુત બનાવવાની જરૂરીયાત પર ભાર મુકતા અનુશાસન , સંમ્પર્ણ અને વિચારો પ્રત્યે પ્રતિબધ્ધતાની અપીલ કરી છે, બુધવારે તેઓ જુનાગઢ ખાતે કોંગ્રેસના સંગઠન નિર્માણ અભિયાન અંતર્ગત યોજાયેલા જિલ્લા કક્ષાના અધ્યક્ષોનો તાલીમ શિબિરનુ ઉદ્ઘાટન કરવા માટે હાજર રહ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસ સંગઠનના મહાસચિવ કે સી વેણુ ગોપાલ, કોંગ્રેસ ગુજરાતના ઈન્ચાર્જ મુકુલ વાસનિક, પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા સહિત અન્ય વરીષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. ખડગેએ કોંગ્રેસના ઈતિહાસમાં જીલ્લા અધ્યક્ષોની ભુમિકા મહત્વપૂર્ણ હોવાનુ જણાવ્યુ હતું કે પુરષોત્તમદાસ ટંડન, લાલ બહાદુરશાસ્ત્રી અને ગોવિંદ વલ્લભપંથ જેવા દિગ્ગજ નેતાઓ પણ એક સમયે જિલ્લા કોંગ્રેસ અધ્યક્ષ રહી ચુકયા છે. તેમણે દરેક બુથ એજન્ટોને પોતાના વિસ્તારના મતદાતાઓ અને મતદાન પ્રક્રિયા પર કડક નજર રાખવા અનુરોધ કર્યો હતો. ખડગેએ વધુમાં કહ્યુ હતુ કે બુથ એજન્ટની ઈમાનદારી પર આખુ પરીણામ આધારીત હોય છે. દરેક એજન્ટને ખબર હોવી જોઈએ કે કઈ ગલીઓ અને વિસ્તારોના લોકો ને મત આપ્યો છે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યુ હતુ કે ગુજરાતે દેશને બે મહાન નેતાઓ- મહાત્મા ગાંધી અને સરદાર પટેલ આપ્યા હતા. જેમણે દેશને આઝાદી અપાવી અને લોકોને એકતાના ધોરણે જોડયા પરંતુ આજે ગુજરાતના બે નેતા મોદી અને શાહ-દેશને વહેંચવાની અને સ્વતંત્રતાને ખંડીત કરવાની કોશિષ કરી રહ્યા છે અને સંવિધાન વિરૂધ્ધ કામ કરી રહ્યા છે. ખડગે એ આરોપ મુકયો હતો કે મોદી સરકાર સતત દેશના સંવિધાન અને કોંગ્રેસ દ્વારા આપેલા મતાધિકાર પર હુમલો કરી રહી, તેમણે ગુજરાતમાં મત ચોરીના આરોપ અંગે જણાવ્યુ હતુ કે અહીં પણ ભાજપ ચુંટણીઓમાં ગેરરીતીઓ કરી રહી છે, જે રાજયના કોંગ્રેસના નેતાઓએ બહાર લાવ્યુ છે. દેશમાં વધી રહેલી આર્થિક અસમાનતા અંગે વાત કરતા ખડગેએ કહ્યુ હતુ કે કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારોએ ગરીબો, મજુરો, ખેડુતો, મહિલાઓ અને યુવાનો સહિત તમામ વર્ગોને અવગણ્યા છે. તેમણે મોદી સરકાર પર પોતાના અમીર મિત્રોને લાભ પહોંચાડવાનો આરોપ મુકયો છે. તેમણે કહ્યુ હતુ કે દેશની આઝાદી માટે બલીદાનો આપ્યા, જયારે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ના લોકો અંગ્રેજોની ગુલામી કરતા હતા, કોંગ્રેસનો ઈતિહાસ વર્ણાવતા કહ્યુ હતુ કે આઝાદી બાદ દેશને કોંગ્રેસે દેશની લોકશાહી આપી, સંવિધાન રચ્યુ અને સર્વાંગી વિકાસનો માર્ગ દર્શાવ્યો. ૨૦૧૪ પછી કોંગ્રેસે રસ્તા પરથી લઈને સંસદ સુધી એક મજબુત વિપક્ષની ભુમિકા નિભાવી છે. તેમણે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની યાત્રાઓનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે તે યાત્રાફુઓએ દેશભરમાં જનજાગૃતિ પેદા કરી છે આજ ભાજપ જો લાકડીનો સહારો લઈને સરકાર ચલાવી રહી છે તો તેનુ શ્રેય રાહુલ ગાંધીની યાત્રાઓને જાય છે.

વિદેશનીતીમાં મોદી સરકારની નિષ્ફફતા પર પણ ખડગેએ આક્રોશ વ્યકત કર્યો હતો. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ચીન એ આપણા સૈનિકો પર હુમલો કર્યો. ઘુષણખોરી કરી દેતા મોદી ચીનમાં ફરતા હતા અને દાવો કરતા હતા કે ઘુષણખોરી થઈ જ નથી. શ્રેષ્ઠ સમાપન કરતા તેઓએ કહ્યુ હતુ કે મોદી પોતાના દરેક ભાષણની શરૂઆત અને અંત પર હુમલો કરીને કરે છે, કારણ કે તેઓ પોતાની નિષ્ફફતાઓ માટે બહાનુ શોધે છે. તેઓ જાણે છે કે તેમને હરાવી શકે તો માત્ર કોંગ્રેસ જ.

# ૧૮૨ ધારાસભ્યોને ઈંટોના ભઠ્ઠામાં મોકલો તો ખબર પડે કે કામ કેવી રીતે થાય છે : જિગ્નેશ મેવાણી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં કારખાના ધારા વિધેયક પર ચાલેલી ચર્ચાએ શ્રમિકોની પરીસ્થિતિનો એક કડવો ચહેરો રજુ કર્યો હતો. આ ચર્ચા દરમિયાન વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ એક ચોંકાવનારૂ નિવેદન આપ્યુ હતુ જેણે સત્તાધીશો અને સમાજ બંનેને વિચારતા કરી દીધા હતા. તેમણે કહ્યુ હતુ કે આ ૧૮૨ ધારાસભ્યોને ઈંટોના ભઠ્ઠામાં મોકલો તો ખબર પડે કે કામ કેવી રીતે થાય છે. આ નિવેદન માત્ર એક ધારાસભ્યની લાગણી ન હતી પરંતુ તે સમાજના એવા વર્ગનો અવાજ હતો જેની મહેનત પર આખો દેશ ટકેલો છે. જિગ્નેશ મેવાણીએ કહ્યુ હતુ કે આપણે જે વિધાનસભામાં બેઠા છીએ ત્યાં મજુરોનો પરસેવો રેડાયો છે, આ એક એવી વાસ્તવિકતા છે જેને આપણે હંમેશા અવગણીએ છીએ, મોટા મોટા ઉદ્યોગો , ગગનચુંબી ઈમારતો, વૈભવી જીવનશૈલીની પાછફ અસંખ્ય શ્રમજીવીઓનો અથાક પરીશ્રમ છુપાયેલો છે. મેવાણીએ આક્ષેપ કર્યો હતો કે કારખાના ધારા વિધેયક દ્વારા સરકાર શ્રમિકો પાસે ૮ કલાકને બદલે ૧૨ કલાક કામ કરાવવા માંગે છે, જે તેમનુ શોષણ છે, તેમણે પુંજીપતિ અને કોર્પોરેટ હાઉસના માલિકોની પત્નીઓને ફેકટરીઓની નાઈટ શીફટમાં મોકલવાની વાત કરીને મહિલા કામદારોની દયનીય પરીસ્થિતિ પર પણ પ્રકાશ પાડયો હતો. આ નિવેદન આ વાતની યાદ અપાવે છે કે જયારે આપણે શ્રમિકો માટે કાયદો ઘડીએ છીએ ત્યારે તેમના જીવનની વાસ્તવિકતાઓ અને પીડાઓને સમજવી કેટલી જરૂરી છે. આપણે ઔદ્યોગિક વિકાસની વાત કરીએ છીએ પરંતુ શું આ વિકાસ શ્રમજીવીઓના ભોગે થવો જોઈએ ? મેવાણીએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે રાજયની જીઆઈડીસી, કન્સ્ટ્રકશન સાઈટ, ફેકટરી અને કારખાનાઓમાં મજુરો કામ ન કરે તો ધારાસભ્યોનો પગાર પણ ન થાય. આ એક સ્પષ્ટ સંદેશ છે કે સમાજમાં દરેક વ્યકિતનુ સ્થાન અને યોગદાન છે, જે ચીજ વસ્તુઓનુ ઉત્પાદન થાય છે, તેના ટેક્ષમાંથી સરકારનો ખર્ચ અને મંત્રીઓનો પગાર થાય છે, પરંતુ આ ઉત્પાદન પાછફ કામ કરતા શ્રમિકોને પુરતુ વફતર કે માન્યતા મફતી નથી.

આશ્ચર્યજનક રીતે મેવાણીએ માત્ર ખાનગી ક્ષેત્ર જ નહી પરંતુ સરકારી તંત્રોમાં પણ શ્રમિકોના શોષણનો પર્દાફાશ કર્યો તેમણે મુખ્યમંત્રી કાર્યાલયના કર્મચારીઓને લઘુત્તમ વેતન ન મફતુ હોવાની, સચિવાલયમાં લેફટમેનને પગારસ્લીપ ન મફતી હોવાનો અને સર્કિટ હાઉસમાં પણ કામ કરનારાઓને પુરતુ વેતન ન મફતુ હોવાનો દાખલો આપ્યો હતો. આ બધુ દર્શાવે છે કે શોષણનુ ચક્ર માત્ર ઉદ્યોગો પુરતુ સિમિત નથી, પરંતુ સત્તાના કેન્દ્રો સુધી પણ ફેલાયેલુ છે. જિગ્નેશ મેવાણીનુ આ નિવેદન માત્ર એક ધારાસભ્યનો વિરોધ ન હતો, તેમણે કહ્યુ હતુ કે ધારાસભ્ય બનતા પહેલા તેઓ ટ્રેડ યુનિયન વર્કર તરીકે કામ કરી ચુકયા છે. તેથી તેમને આ બધી વાસ્તવિકતાઓનો ખ્યાલ છે તેથી તેમણે આ બધી વાસ્તવિકતાઓનો ખ્યાલ છે, તેમનુ આ ભાષણ સરકારને કારખાના ધારા વિધેયક પણ વિચારણા કરવા માટે એક મજબુત અપીલ હતી. આજે ગુરૂવારે જયારે આપણે આર્થિક પ્રગતિ અને વિકાસની વાતો કરીએ છીએ, ત્યારે એ ભુલવુ જ જોઈએ કે આ પ્રગતિનો પાયો શ્રમજીવીઓના લોહી પરસેવોથી બનેલો છે. તેમને ન્યાય અને માન્યતા આપવી એ માત્ર એક નૈતિક ફરજ છે. પરંતુ વિકસિત અને સમૃધ્ધ સમાજનુ લક્ષણ છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના નેતાઓએ પુરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીના ટ્રકોને પ્રદેશ કાર્યાલયથી પ્રસ્થાન કરાવ્યું




પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટી અને રાજય સરકારના સંયુકત ઉપક્રમે આજે ગુરૂવારે પુરગ્રસ્ત વિસ્તાર જેવા કે છત્તીસગઢ, પંજાબ અને ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં રાહત સામગ્રી પહોચાડવામાં આવી હતી.

આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રી ઋષીકેશ પટેલ, મહામંત્રી રજની પટેલ સહિતના નેતાઓએ રાહત સામગ્રી સાથેના ટ્રકોનુ પ્રસ્થાન પ્રદેશ કાર્યાલયથી કરાવ્યુ હતું. પંજાબમાં રેલ્વેના માધ્યમથી રાહત સામગ્રી મોકલવામાં આવનાર છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ હતું. આ કાર્યક્રમ અંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટી રાજકીય પાર્ટી છે. સમાજની વચ્ચે રહી સમાજમાં સુખ દુઃખમાં ભાગીદાર બને છે. ભારતીય જનતા પાર્ટી એ સંગઠનના માધ્યમથી જનતાની સેવા માટે હંમેશા તત્પર રહે છે, આજે જે વિસ્તારમાં કુદરતી આફત સર્જાઈ છે.

તે વિસ્તારમાં સરકાર અને પાર્ટી દ્વારા રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે, ભાજપ સેવા હી સંગઠનના માધ્યમથી જનતાની સેવા માટે હંમેશા કાર્યરત રહે છે જેમ કે મોરબીની પુલ હોનારત, કોરોનાકાફ, અતિવૃષ્ટીથી થયેલ નુકશાન હોય, દરેક સ્થિતિમાં ભાજપના કાર્યકર્તાઓ જનતાની સેવા માટે જોડાય છે. રજનીભાઈ પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતેથી આજે છત્તીસગઢના બસ્તર વિસ્તાર દંતેવાડમાં, પંજાબ અને ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં કુદરતી હોનારતમાં રાહત સામગ્રી પહોચાડવાનુ શરૂ કર્યુ છે.

રાહત સામગ્રીમાં જીવન જરૂરીયાતની નાની મોટી દરેક વસ્તુ જેમ કે દાફ, ચોખા, તેલ, ઘઉંનો લોટ, ખાંડ , મરચુ, ચા, મીઠુ, હફદર, માચીસ, મીણબત્તી, વાસણો અને કડપા સહિતની વસ્તુઓની કીટ તૈયાર કરવામાં આવી છે. રાહત સામગ્રીની અંદાજે ૮ હજાર કીટ છત્તીસગઢ મોકલવામાં આવશે, પંજાબમાં પણ આજ રીતની તમામ સામગ્રી ટ્રેન મારફતે મોકલવામાં આવશે. તમામ સામગ્રીની કીટ જરૂરીયાત મંદોને પહોચે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે, બનાસકાંઠા જિલ્લામાં પુરની આફત સમયે કોંગ્રેસના સાંસદ પહોચ્યા નથી તે આપણા બધા માટે દુઃખદ બાબત છે, પરંતુ ભાજપના તમામ કાર્યકર્તાઓ સમાજ વચ્ચે રહી સેવાકીય કાર્ય કરી રહ્યા છે, આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ તંત્રને રાહત માટેની જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું.

સરકાર તરફથી માહિતી આપતા પ્રવકતાએ જણાવ્યુ હતુ કે છત્તીસગઢ અને પંજાબમાં પુરગ્રસ્ત વિસ્તારમાં ભાજપ અને સરકાર તરફથી જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓ મોકલવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

છત્તીસગઢના દંતેવાડ અને બસ્તર વિસ્તારમાં અંદાજે ૮ હજાર જેટલી કીટ મોકલવામાં આવી છે, પંજાબમાં પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકાર અને ભાજપા દ્વારા ૧૧-૧૧ જેટલા વેગનોમાં રાહત સામગ્રી ગાંધીનગર રેલ્વે સ્ટેશનથી મોકલવામાં આવી છે.

# હિંમતનગર તાલુકાના ખેડ ગામે જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો




પ્રતિનિધિ,ગાંધીનગર

જિલ્લાના ૧ થી ૧૯ વરસ સુધીના બાફકોને કૃમિનાશક ગોફીની સારવાર આપવાના રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવણી અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ખેડ ગામે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા ની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૪૦૫ બાફકોને કૃમિનાશક ગોફી આપી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર જિલ્લામાં ૧૯૨૩ આંગણવાડી કેન્દ્રો, ૧૪૧૫ શાફાઓ, (સરકારી અને ખાનગી ) ના બાફકો તથા શાફાએ ન જતા બાફકો મફી કુલ ૩,૪૩,૩૨૯ જેટલા બાફકોને કૃમિનાશક સારવાર અંતર્ગત આલ્બેન્ડાઝોલ ગોફીથી સારવાર આપવામાં આવી હતી. તેમજ બાફકોને વારંવાર કૃમિનોચેપ ન લાગે તે માટે શાફા અને આંગણવાડી કેન્દ્રોમાં હેન્ડવોશ એકટીવીટી, એનીમીયા નિયંત્રણ અને જરૂરી સારવાર માટે આરોગ્ય કર્મચારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવણી અભિયાન અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા એ જણાવ્યુ હતુ કે બાફકોના સર્વાંગી વિકાસ માટે કૃમિની નિયમિત સારવાર અત્યંત જરૂરી છે. બાફકોમાં એનિમીયાનુ પ્રમાણ ઘટાડવા આ સારવાર ખુબ મહત્વની છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયાએ બાફકોને સંબોધતા જણાવ્યુ હતુ કે તેમના જીવનમાં હેન્ડવોશ, વ્યકિતગત સ્વચ્છતા જેવી નાની પણ અગત્યની ટેવો બાબતે કાફજી રાખવી અત્યંત જરૂરી છે, સ્વસ્થ સમાજના નિર્માણમાં નાનકડા પણ મકકમ કદ મહત્વના સાબિત થશે. શાફાના બાફકોમાં હિમોગ્લોબિનનુ પ્રમાણ જાણવાના ઉમદા હેતુસર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયા દ્વારા ભારત વિકાસ પરીસર હિંમતનગરના સહયોગથી જિલ્લામાં ટી-૩ કેમ્પનુ વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયા, જીલ્લા આરસીએચ અધિકારી અને ભારત વિકાસ પરીસદના કમિટી સભ્યોની ઉપસ્થિતિમાં ૪૦૫ બાફકોમાં હિમોગ્લોબિનનુ પ્રમાણની ચકાસણી પણ કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકામાં ફટાકડાના હંગામી પરવાનો મેફવવા માટે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકા માટે આગામી દિપાવલી તહેવારો અનુસંધાને ગ્રામ્ય વિસ્તાર તથા તાલુકાના નગરપાલિકા વિસ્તારમાં વહિવટી તંત્ર દ્વારા નિયત કરવામાં આવનાર એક જ સ્થફે (વધુમાં વધુ ૩ સ્થફે જરૂરીયાત મુજબ ) ફટાકડા બજાર ભરવા માટે ફટાકડાના હંગામી સ્ટોલ પરવાના મેફવવા રસ ધરાવનાર નાગરીકોની અરજીઓ શરતોને આધીન રજુ કરવા જણાવવામાં આવ્યુ છે.

હંગામી ફટાકડા પરવાના માંગતા ઈસમોએ જ મામલતદારની કચેરી સંચાલિત જનસેવા કેન્દ્ર ખાતેથી અરજી ફોર્મ નંબર એઈ- ૫ નિયત નમુનાના અરજી ફોર્મ તથા તેની પર રૂપીયા ૩ (ત્રણ પુરા) કોર્ટ ફી સ્ટેમ્પ તથા સ્કુટીની રૂપીયા ૩૦૦+લાયસન્સ ફી રૂપીયા ૬૦૦ સરકારમાં ૦૦૭૦-ઓએએસ સદરે બેંકમાં ચલણથી નિયત ફી ભરી મેફવી તેમાં સુચિત આધાર પુરાવા સામેલ કરી બે નકલમાં અરજી કરવાની રહેશે. (નગરપાલિકા/ મ્યુનિસીપલબરો વિસ્તાર માટે અરજી સાથે પ્લાન સામેલ કરવાના નથી) આવી અરજીઓ રજુ કરવાની મુદત કચેરી સમયે દરમિયાન તા. ૨૬/૯/૨૦૨૫ સુધીની રહેશે. ત્યારબાદ આવેલ તેમજ અધુરી વિગતની અરજીઓ આપોઆપ અમાન્ય ઠરશે. ફટાકડા બજારો માટે સ્ટોલ સ્થાપવા, અગ્નિશામકની વ્યવસ્થા તથા સુરક્ષા વિષયક વ્યવસ્થા પરવાનેદારોએ સંગઠીનપણે જાતે ઉભી કરવાની છે. સ્થાનિક નગરપાલિકાની ભુમિકા ફકત સ્થફે પાયાની સુવિધાઓ તથા જાહેર જનતા અવર જવર કરી શકે તેવા રોડ રસ્તા વિગેરે ઉપલબ્ધ રાખવા પુરતી રહેશે.

GUJARAT FIRE PRVENTION AND LIFE SAFETY MEASURES ACT. ૨૦૧૩ મુજબ રીઝીયોનલ ફાયર ઓફીસર ગાંધીનગર નુ ફાયર સેફટી સર્ટીફીકેટ મેફવી લેવાનુ રહેશે. (સર્ટીફીકેટ મેફવવા ઓનલાઈન અરજી કરવાની વેબસાઈટ https:// gujfiressafetycop.in ) એકથી વધુ પરવાના માટે એક જ જવાબદાર અરજી કરી શકશે નહી. સંબંધીત સ્થફોએ જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઈ ૫૦-૫૦ ના સ્ટોલની મર્યાદામાં નિયમ મુજબ પરવાના મંજુર કરવામાં આવશે. જગ્યાના પ્રમાણમાં અરજીઓ વધુ રજુ થાય તો વહેલા તે પહેલાના ધોરણે પરવાના મંજુર કરી બાકીની અરજીઓ રદ ગણવામાં આવશે. સ્ટોલ ફાફવણી તથા ડ્રો સિસ્ટમ માટે હંગામી સમિતિ રચવામાં આવશે. જેના અધ્યક્ષ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ખેડબ્રહ્મા રહેશે. સંબંધીત મામલતદારે સભ્ય સચિવ તરીકે તમામ વહિવટી પ્રક્રિયા કરવાની રહેશે. સમિતિમાં સ્થાનિક નગરપાલિકાના ચીફ ઓફીસર તથા પોલીસ ઈન્સ્પેકટર / પોલીસ સબ ઈન્સ્પેકટર સભ્ય તરીકે ફરજ બજાવશે. આ સમિતિની ઉપસ્થિતિમાં ડ્રો સિસ્ટમથી સ્ટોલની ફાફવણીની પ્રક્રિયા જે તે મામલતદાર કચેરીમાંથી કરવામાં આવશે. તમામ પ્રક્રિયા, પરવાના મંજુર કરવા, વિતરણ કરવા અને સુચિત ફટાકડા બજાર માટેની જગ્યા સંબંધે આખરી નિર્ણય તથા કોઈ અનિયમિતતા સંબંધે કાર્યવાહી માટે આખરી સત્તા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ખેડબ્રહ્મા હસ્તક રહેશે. હંગામી પરવાના સ્ટોલો માટે લેવાની થતી તમામ સંબંધીત ખાતાની પરવાનગી મેફવી લેવાની રહેશે તેવુ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટે જણાવ્યુ છે.

## રાજ્યમાં ફોરેન્સિક સેવા વધુ સુલભ થશે

# ૨૮ નવી અદ્યતન મોબાઈલ ફોરેન્સિક વાનને ગાંધીનગરથી ફલેગ ઓફ કરાયું

## હાલમાં, ફોરેન્સિક તપાસ માટે ૪૭ વાન છે તેમાં આ નવી ૨૮ ફોરેન્સિક વાન ઉમેરાતા આ સંખ્યા વધીને હવે ૭૫ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓમાં ફાળવાયેલી ૨૮ નવી અદ્યતન મોબાઈલ ફોરેન્સિક વાનને ગાંધીનગરથી ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ફ્લેગ ઓફ કરાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવા ફોજદારી સમયાનુકૂળ કાયદાઓ અમલમાં આવ્યાં છે.

નવા ફોજદારી કાયદાઓમાં કન્વીક્શન રેટ વધારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ગુન્હાઓની તપાસને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

આ કાયદાઓના અમલમાં ૭ વર્ષથી વધુ સજાપાત્ર ગુન્હામાં ફોરેન્સિક તપાસ ફરજિયાત બનાવવામાં આવી છે ત્યારે ફોરેન્સિક સાયન્સની ભૂમિકા વધી છે. ગુન્હા બનાવ કે અકસ્માત સ્થળ પરીક્ષણમાં વૈજ્ઞાનિક ઢબે પ્રાથમિક તપાસ તેમજ પુરાવા એકત્ર કરવામાં સાયન્ટિફિક ઓફિસર સાથેની મોબાઈલ ફોરેન્સિક વાનની મહત્વની બની રહે છે. રાજયમાં આવી વધુ મોબાઈલ ફોરેન્સિક વાન કાર્યરત થવાથી ફોરેન્સિક ક્ષમતામાં વધારો થયો છે. હાલમાં, ફોરેન્સિક તપાસ માટે ૪૭ વાન છે તેમાં આ નવી ૨૮ ફોરેન્સિક વાન ઉમેરાતા આ સંખ્યા વધીને હવે ૭૫ થશે. આના પરિણામે ફોરેન્સિક તપાસ ઝડપથી અને અસરકારક રીતે થઇ શકશે. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ મોબાઈલ ફોરેન્સિક લેબમાં એન.ડી.પી.એસના તાત્કાલિક સ્થળ પર જ નિરીક્ષણ, ડી.એન.એ ટેસ્ટની વ્યવસ્થાઓ તથા કોઈપણ પ્રકારની આગ લાગી હોય, કોઈ આકસ્મિક ઘટના બની હોય અથવા કોઈપણ પ્રકારના એટેક થયા હોય એમાં ફોરેન્સિક સાયન્સની ફિલ્ડમાં કોઈ પણ ઈક્વિપમેન્ટની જરૂર હોય છે. આ બધા જ ઈક્વિપમેન્ટથી સજ્જ આ મોબાઈલ ફોરેન્સિક વાન આજથી ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષામાં મહત્વનો ફાળો આપશે.

ઉલ્લેખનીય છે કે, આ ૨૮ નવી મોબાઈલ ફોરેન્સિક વાન કેન્દ્ર અને રાજયના સરકારના અનુદાનમાંથી ફાળવવામાં આવી છે. અદ્યતન ફોરેન્સિક સાધનો અને ઉપકરણો સાથેની આ ફોરેન્સિક વાન જિલ્લા-શહેરોમાં હાલમાં કાર્યરત ફોરેન્સિક નિષ્ણાતોના મંતવ્ય-અભિપ્રાયના આધારે સજ્જ બનાવવામાં આવી છે.

આ મોબાઈલ ફોરેન્સિક વાનથી રાજ્યમાં ફોરેન્સિક સેવા વધુ સુલભ થશે અને ગુનાઓની ઝડપી, અને અસરકારક તપાસ શક્ય બનશે.આ પ્રસંગે ગૃહ વિભાગના અને મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, એફ.એસ.એલના નિયામક એચ. પી. સંઘવી તથા વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે રાહુલ ગાંધી ગુજરાતના એક દિવસના પ્રવાસે : રાહુલ ગાંધી કોંગ્રેસના જિલ્લા પ્રમુખોને નેતાગીરીના પાઠ શીખવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે તેઓ જુનાગઢમાં ચાલી રહેલા કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપશે અને તેમને નેતૃત્વ અને સંગઠનના પાઠ ભણાવશે. આ પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી આજે શુક્રવારે બપોરે ૧ કલાકે કેશોદ એરપોર્ટ પર ઉતરશે ત્યાંથી સીધા તેઓ જુનાગઢ જશે જયાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખો માટે ૧૦ દિવસીય ટ્રેનીંગ કેમ્પ ચાલી રહ્યો છે. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ આગામી વિધાનસભાની ચુંટણીઓમાં પાર્ટીને વધુ મજબુત બનાવવાનો છે. રાહુલ ગાંધી અગાઉ પણ આવા પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લઈ ચુકયા છે. ટ્રેનીંગ કેમ્પમાં રાહુલ ગાંધી જિલ્લા પ્રમુખોને વર્તમાન રાજકીય પરીસ્થિતિઓ, જનતા સુધી પહોચવાના ઉપાયો અને સંગઠનને તફીયાના સ્તરેથી કેવી રીતે મજબુત કરવુ તે અંગે માર્ગદર્શન આપશે. તેમના આ માર્ગદર્શનથી કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને જોમ જુસ્સો ઉભો થવાની સંભાવના છે. જુનાગઢમાં કાર્યક્રમ પુરો થયા બાદ તેઓ સાંજે પોરબંદરથી દિલ્હી પરત ફરશે, રાહુલ ગાંધીની આ મુલાકાત ગુજરાત કોંગ્રેસ માટે એક મહત્વપૂર્ણ ઘટના છે. જે પાર્ટીની ભાવિ વ્યુહરચના માટે દિશા નિર્ધારીત કરી શકે છે.

# ભાવનગર–પોરબંદર દૈનિક પેસેન્જર ટ્રેનનું ખોડિયાર મંદિર સ્ટેશન પર ઠેરાવ શરૂ

રેલ મંત્રાલયના આદેશ અનુસાર ભાવનગર–પોરબંદર–ભાવનગર દૈનિક પેસેન્જર ટ્રેન (નંબર ૫૯૫૬૦/ ૫૯૫૫૭)નું ખોડિયાર મંદિર રેલવે સ્ટેશન પર તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ (ગુરૂવાર)થી ઠેરાવ શરૂ કરવામાં આવ્યો છે. આ સુવિધાના શુભારંભના પ્રસંગે માનનીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી, ભારત સરકાર શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણિયાના પ્રતિનિધી તરીકે ડો. પ્રકાશ રાઠોડ, શ્રી દિગ્વિજયસિંહ (જિલ્લા ભાજપ અધ્યક્ષ), શ્રી ભરતભાઈ મેર (જિલ્લા ભાજપ મહામંત્રી), શ્રી રાજૂભાઈ ફાલકી (જિલ્લા ભાજપ મહામંત્રી), શ્રી ભોજુભાઈ ડાંગર (શિહોર તાલુકા પ્રમુખ), શ્રી ખુરજીભાઈ મકવાણા (તાલુકા પંચાયત પ્રમુખ), શ્રી વિમલભાઈ બુધેલિયા (મહામંત્રી શિહોર) તેમજ શ્રી ગોવિંદભાઈ ડાંગર (રાજપરા સરપંચ) ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, ભાવનગર મંડળ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ ટ્રેનનો સમય આ પ્રમાણે રહેશેઃ ટ્રેન નંબર ૫૯૫૬૦ ભાવનગર ટર્મિનસ – પોરબંદર દૈનિક પેસેન્જરનો ખોડિયાર મંદિર સ્ટેશન પર આગમન સમય ૧૫:૨૦ વાગ્યે અને પ્રસ્થાન સમય ૧૫:૨૧ વાગ્યે રહેશે. ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર – ભાવનગર ટર્મિનસ દૈનિક પેસેન્જરનો ખોડિયાર મંદિર સ્ટેશન પર આગમન સમય ૧૩:૨૪ વાગ્યે અને પ્રસ્થાન સમય ૧૩:૨૫ વાગ્યે રહેશે. આ પ્રસંગે ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી સાથે મંડળના કર્મચારીઓ, ખોડિયાર મંદિર સ્ટેશન વિસ્તારના ગ્રામજનો અને રેલ યાત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.